
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી રૈવતાચળ તીર્થનું મનોરમ દૃશ્ય

પુસ્તક ૩૭ મું. સંવત ૧૯૯૬
અંક ૭ મો મહા

પ્રકાશક :—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. પ્રભુધ્યાનમાં લય લગાવો. ( પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ ) ૧૭૫
૨. પ્રભુનો પંથ ન્યારો છે. ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૭૬
૩. વિચારશ્રેણી. ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૭૭
૪. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? ( મુનિ શ્રી હંસસાગરજી મહારાજ ) ૧૮૦
૫. સેવાધર્મ-દિગ્દર્શન ( ઉદ્ધૃત ) ૧૮૬
૬. અહિંસાની અગત્યતા. .... ... ... ૧૮૯
૭ શ્રી શ્રુતજ્ઞાન ( પંન્યાસ શ્રી ધર્મવિજયજી ગણિ ) ૧૯૦
૮. આપણો ભાગ્યવિધાતા કોણ ? ... ... .... ૧૯૪
૯. અંતર તૂટે કેવા પ્રકારે ? ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૯૫
૧૦. ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય-સાનુવાદ ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) ૧૯૭
૧૧. સ્વીકાર સમાલોચના... ... ... ... ૨૦૦
૧૨. વર્તમાન સમાચાર... ... ... ... ૨૦૨


---

## નવા માનવંતા સભાસદ

પારેખ છગનલાલ જીવણભાઇ, એલ. સી. ઇ. આ. ચીફ ઇન્જીનીયર ભાવનગર લાઇફ મેમ્બર

---


## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને એ પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભકિત નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.


લખોઃ –શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


---

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૬ : માહ :
અંક : ૭ મો : * * વિક્રમ સં. ૧૯૯૬ : ફેબ્રુઆરી :

# પ્રભુ ધ્યાનમાં લય લગાવો

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ દેશી )

ભાઇ તુમ વૈસે ભજન મન લાવો, જૈસે અમરપદ પાવો—ભાઇ૦ આંકણી.

જૈસે ભોજન ષટ્રસ પાકે, આનંદ અંગ મનાવે;
વૈસે ભક્તિરસ ભજનમેં આવે, અમર અચલ પદ પાવે.—ભાઇ૦ ૧

જૈસે પ્યાસા શીતળ જલ પાવે, રોમ રોમ હુરખાવે;
વૈસે પ્રભુકે ભજનરસ પાવો, અમર અચલ પદ પાવે.—ભાઇ૦ ૨

પૈસે ખાતર મહાદુઃખ પાવે, છેકડ પ્રાણુ ગુમાવે;
પ્રભુ ભજનમેં જીવન જોડે, અમર અચલ પદ પાવે.—ભાઇ૦ ૩

સુત દારા નિજ દેહરચનમેં, પાગલ હો ભટકાવે;
પ્રભુ ભજનમેં ધ્યાન લગાવે, અમર અચલ પદ પાવે.—ભાઇ૦ ૪

ઇન વિષયોંકો તનમન છોરે, પ્રભુ ચરણુ ચિત્ત ભાવે;
**આતમરામ** નિજ જયોતિ જાગે, અમર અચલ પદ પાવે.—ભાઇ૦ ૫

—પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'પ્રભુનો પંથ ન્યારો છે'

( કવ્વાલી )

જગતમાં સ્વાર્થવશ થઇને, બતાવો પંથ શિવપુરનો;
ન હોવે માર્ગ તે સાચો, પ્રભુનો પંથ ન્યારો છે. ૧

ધર્મને રાખવા માટે, અવરના પ્રાણ હરવામાં;
બતાવો પુન્યરાશિ પણ, પ્રભુનો પંથ ન્યારો છે. ૨

વદીને વાત બહુ જૂઠી, કપટની જાળ ગૂંથીને;
વધારો વૈર-વહ્નિ પણ, પ્રભુનો પંથ ન્યારો છે. ૩

સ્વર્ગ ને મોક્ષના સુખો, બતાવીને હથેલીમાં;
ફસાવો મૂઢ જનને પણ, પ્રભુનો પંથ ન્યારો છે. ૪

પ્રભુની શુદ્ધ વાણીમાં, વૈરનું ઝેર ભેળીને;
ગમારોને ભલે પાઓ, પ્રભુનો પંથ ન્યારો છે. ૫

અમે સાચા તમે જૂઠા, અધર્મીને અમે ધર્મી;
વદો વિદ્વેષી વાતો પણ, પ્રભુનો પંથ ન્યારો છે. ૬

ન માને વેણ પોતાનું, નરકગામી કહો તેને;
પ્રભુનું નામ લઇને પણ, પ્રભુનો પંથ ન્યારો છે. ૭

રાગ ને દ્વેષના બીજો, વિવેકે શૂન્ય ભૂમિમાં;
ખુશી થઇને ભલે વાવો, પ્રભુનો પંથ ન્યારો છે. ૮

લડાવો ધર્મઘેલાને, બતાવી પંથ પોતાનો;
ભલે મોટા કહાવો પણ, પ્રભુનો પંથ ન્યારો છે. ૯

કર્મનો નાશ કરવાને, પ્રભુનો માર્ગ પીછાની;
કરો કલ્યાણ પોતાનું, પ્રભુનો પંથ સારો છે. ૧૦

રાગ ને દ્વેષ જ્યાં છે ત્યાં, ન હોવે માર્ગ જિનવરનો;
દશા ગતરાગતામાંહી, પ્રભુનો પંથ સારો છે. ૧૧

—આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી.

લે૦ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

**મા**નવજાતમાં પ્રભુતા મેળવવાની ઇચ્છાથી પ્રયત્ન કરનારાઓની સંખ્યા વધુ પ્રમાણમાં દેખાય છે. દેખીતી રીતે કોઇ પણ પ્રકારની સ્વાર્થવૃત્તિ ન હોવા છતાં અને પરોપકારનું રૂપ આપવા છતાં પણ તેમની પ્રવૃત્તિમાં પ્રભુતાની છાયા રહેલી હોય છે, અને તે તેમનાથી થતી ભૂલો સુધરાવવાના પ્રસંગે બહાર તરી આવે છે. આત્મનિષ્ઠ સાચી પ્રભુતા પ્રગટ કરવાના ઇરાદાથી પ્રભુ શ્રી મહાવીરના પગલે ચાલનારાઓની મનોવૃત્તિમાં આગ્રહનો અંશ હોતો નથી, પણ અલ્પજ્ઞો પાસેથી પ્રભુતા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓની મનોવૃત્તિ આગ્રહબુદ્ધિને આધીન રહેલી હોય છે અને તેમની દરેક પ્રવૃત્તિમાં આગ્રહને અગ્રસ્થાન આપવામાં આવે છે; કારણ કે હું કરું છું અથવા કહું છું તે સાચું છે, પછી તે ભૂલભરેલું કેમ ન હોય? પરંતુ જેમના પાસેથી પ્રભુતા મેળવવાની હોય છે તેમના અંતઃકરણમાં પોતાનામાં રહેલી પ્રભુતાની યોગ્યતા ઠસાવવા બીજા ભૂલે છે પણ હું ભૂલતો નથી એવી પ્રતીતિ કરાવવા પ્રયત્ન કરવો પડે છે અને તેમ કરતાં કોઇ વિઘ્ન ઉપસ્થિત કરે તો આવેશપૂર્વક સેવવું પડે છે.

卐 卐 卐

**મૃત્યુથી** ભયભીત ન બનો. મૃત્યુ સંસારવાસીઓના સૌંદર્યને પ્રગટ કરે છે. મૃત્યુ એટલે વિકૃતિવિનાશ અને જન્મ એટલે પ્રકૃતિવિનાશ. મૃત્યુ વસ્તુની મૂળ અવસ્થા છે ત્યારે જન્મ વસ્તુની વિકૃત અવસ્થા છે. તમને મરવું ગમતું નથી, જીવવું ગમે છે; પણ તમે જાણો છો કે જીવન એટલે શું? જે જીવનને તમે ઇચ્છો છો તે તમને કેટલું ઉપયોગી છે? જો તમે જીવવાની ઇચ્છા રાખતા હો તો જીવનનો અનાદર કરશો નહિં, જીવનથી કંટાળશો નહિં.

卐 卐 卐

**જ**ન્મ આશ્રિત જીવન એટલે બનાવટી-વિકૃત જીવન અને પ્રકૃતિસ્વરૂપ-શુદ્ધ જીવન: આ બે પ્રકારના જીવનમાંથી તમને શુદ્ધ જીવનની ઇચ્છા છે કે અશુદ્ધ જીવનની?

卐 卐 卐

**જે** જીવનની ઉત્પત્તિ-જન્મ છે, આદિ છે તે શુદ્ધ જીવનમાં થયેલો વિકાર છે; માટે તે વિકૃત સ્વરૂપવાળું હોવાથી અશુદ્ધ જીવન છે. આ અશુદ્ધ જીવનમાં જીવવાને ઇચ્છનારને અનેક પ્રકારની યાતનાઓ સહન કરવી પડે છે તથા ચિંતા, ભય, શોક અને નિરાશા પણ સહેવી પડે છે.

卐 卐 卐

**જેમ** કોઇ માણસનું માથું દુઃખે કે પેટમાં ખૂબ ચૂંક આવે ત્યારે તે માણસ ઘણો જ ઉદાસ થાય છે, ખેદ કરે છે ને દરદને નાબૂત કરવા ચાંપતા ઉપાયો લે છે, તેવી જ રીતે જે માણસને કષાયવિષયનો ઉદય થાય ત્યારે તે માણસે તેમાં નહીં ભળતાં તેથી ઉદાસ થઇને તેને નાબૂત કરવા ચાંપતા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાયો લેવા જોઈએ. રોગોથી તો શરીરનો નાશ થાય છે પણ કષાયો તથા વિષયોથી તો આત્માનો નાશ થાય છે.

卐 卐 卐

**ઉદયાધીન** આત્માએ ગમે તેમ ન કરવું અને ન ગમે તે કરવું ત્યારે ઉપશમ તથા ક્ષયાધીન આત્માએ ગમે તે કરવું અને ન ગમે તે ન કરવું.

卐 卐 卐

**જૂઠું** નહીં બોલું એવી પ્રતિજ્ઞા ઘણાઓ લઈ શકે છે પણ સાચું બોલીશ એવી પ્રતિજ્ઞા ન લઈ શકે. ક્રોધ નહીં કરું માન નહીં કરું ઇત્યાદિ કષાયો ન કરવાની પ્રતિજ્ઞા ન લઈ શકે પણ ક્ષમા કરીશ, સરળતા રાખીશ, નમ્રતા રાખીશ, સંતોષ રાખીશ એવી પ્રતિજ્ઞા તો કરી શકો છો. તાવ નહીં આવવા દઉં, માથું નહીં દુઃખવા દઉં, પેટમાં દરદ નહીં થવા દઉં ઇત્યાદિ વ્યાધિ નહીં થવા દેવાની પ્રતિજ્ઞા નહીં લઈ શકો પણ વ્યાધિ આવે ત્યારે સમતાપણે-સમભાવે વેદી લઈશ, શાંતિ રાખીશ એવી પ્રતિજ્ઞા લઈ શકો છો.

卐 卐 卐

**અમૃતમય** જીવન અને વિષમય જીવન એમ બે પ્રકારના જીવનવાળા જીવો સંસારમાં અસ્તિત્વ ધરાવે છે. વિષમય જીવનવાળા અમૃતમય જીવનવાળા જીવો કરતાં સંખ્યામાં અધિકતર છે, અને તેઓ પોતાનો જીવનપ્રવાહ વિષમય રેલાવી અનેક જીવોના જીવનને વિષમય બનાવી પ્રાણમુક્ત કરે છે, ક્ષુદ્ર સ્વાર્થ માટે અન્ય ભદ્રિક જીવોને પણ અમૃતના નામે વિષપાન કરાવે છે; જ્યારે અમૃત જીવનવાળા પોતાના અમૃત જીવનદ્વારા અનેક જીવોને અમૃતપાન કરાવે છે, અનેક જીવો અમૃતનું પાન કરીને સદાને માટે જીવવાવાળા થયા છે અને અમર બનીને અનંતા દુઃખોના દરીઓ તરી ગયા છે.

卐 卐 卐

**માનવી** જ્યારે પોતાનામાં ગુણ હોય અથવા ન હોય પણ સ્વસ્તુતિ-પ્રશંસા સાંભળીને મનમાં હર્ષાતિરેકવાળો થયા સિવાય રહેતો નથી તેમ જ નિંદા-અવર્ણવાદ સાંભળીને ખેદ પામ્યા સિવાય રહેતો નથી. મોટે ભાગે માનવપ્રકૃતિ સ્વોત્કર્ષ અને પરાપકર્ષથી મુક્ત નથી. પોતાના વખાણ સારા સારા બુદ્ધિશાળીઓને પણ ગમે છે. વિદ્વાન કહેવાતા અને આગળ પડતો ભાગ લેનારા ઉપાધિધારકોને પણ પોતાના વખાણ સાંભળવાનો ઘણો જ શોખ હોય છે. જેવી રીતે પોતાના વખાણ સાંભળવાથી રાજી થાય છે તેવી જ રીતે પોતાને અપ્રિય માણસના વખાણ સાંભળવાથી ખુશી થતી નથી. ઊલટી દિલગીરી પેદા થાય છે એટલું જ નહિં પરંતુ તેના ઉપર દોષારોપણ કરી ઘૃણા પ્રકટ કરે છે. જનતામાં વખણાએલી વ્યક્તિને માટે ઉપરથી બનાવટી ખુશી ન-છૂટકે જ બતાવવી પડે છે, ને થતાં વખાણને સહમત બનવું પડે છે.

卐 卐 卐

**જન્મ્યા** પછી માબાપે ઓળખાણને માટે રાખેલું નામ અમર કેવી રીતે થઈ શકે-કાયમ કેવી રીતે રહી શકે? આત્મા અમર થયા સિવાય નામ અમર થઈ શકતું નથી, માટે આત્માને અમર બનાવવા તન-ધન-જીવનનો ઉપયોગ કરવામાં આવે તો નામ અમર બની શકે ખરૂં. જ્યાં સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા મૃત્યુથી મુકાયો નથી ત્યાં સુધી નામ તો મરવાનું જ.

卐 卐 卐

**આ**કાર બદલાય છે તેની સાથે સાથે નામ પણ બદલાયા જ કરે છે. નામ ત્યારે જ કાયમ રહે જ્યારે આકાર બદલાય નહીં. આકારને આશ્રયીને જ નામ પડે છે. જેનું નામ નથી તેનો આકાર પણ નથી.

નામ રાખવું એટલે આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવું. શુદ્ધ સ્વરૂપ જે આકારવાળા નામમાં પ્રગટ થાય છે તે નામ અમર કહેવાય છે. અર્થાત્ જે નામથી સર્વથા કર્મનો ક્ષય થાય છે તે નામ બદલાતું નથી, કારણ કે નામ બદલાવાનું કારણ નાશ પામી જાય છે માટે તે નામ અમર કહેવાય છે.

જે આકારવાળું નામ જનતાને સ્વાર્થ માટે ઉપયોગી થઈ પડયું હોય તે નામ બદલાયા પછી પણ તેને જનતા સંભારે છે પરંતુ જેનો સ્વાર્થ સધાયો હોય તેઓ જ સંભારે છે, તેમના વંશજો અથવા તો અન્ય વ્યક્તિઓ સંભારતા નથી.

જે દેહાકૃતિનું નામ રાખ્યું હોય છે તે દેહાકૃતિ જીવન ક્ષય થયે જીવનના વિયોગથી નાશ પામી જાય છે, એટલે નામ પણ ધીરે ધીરે સંસારમાંથી લુપ્ત થતું જાય છે.

卐 卐 卐

**મ**નથી ત્યાગ, વચનથી ત્યાગ, કાયાથી ત્યાગ : આ ત્રણે ત્યાગમાં કેવળ વચનથી ત્યાગ તે એક પ્રકારનું અસત્ય છે, બીજાને ઠગવાને માટે કરાય છે. જેને ક્ષુદ્ર ત્યાગ સાધવો હોય છે તે વચનમાં ઘણા જ કેળવાએલા હોય છે. વચનથી ત્યાગ તે નામનો જ ત્યાગ હોવાથી આત્માને કોઇ પણ પ્રકારનો લાભ મળી શકતો નથી.

કેવળ કાયાથી ત્યાગ બે પ્રકારનો હોય છે : એકની પાસે એક વસ્તુ છે અને તેનો ત્યાગ કરે છે અને બીજો વસ્તુ નથી અને ત્યાગ કરે છે. આ બન્ને પ્રકારના ત્યાગીમાં જેની પાસે વસ્તુ છે અને છોડે છે તે ઉત્તમ છે, કારણ કે મળેલા ભોગોને છોડવા તે કઠણ છે અને વસ્તુ નથી તેને છોડવું ઘણું જ સહેલું છે, કારણ કે જે વસ્તુ પાસે નથી અને મળવાની પણ આશા નથી તેને તો પ્રથમથી જ ત્યાગ જેવું છે, માટે તેને છતી વસ્તુ છોડનાર કરતાં નીચી કોટીનો કહી શકાય.

કેવળ મનથી ત્યાગી, કેવળ કાયાથી ત્યાગી કરતાં ઊંચો છે, કારણ કે કેવળ કાયાથી છોડવું સહેલું છે પણ મનથી છોડવું દુર્લભ છે. કેવળ કાયાથી છોડનાર સંસારમાં ઘણા નીકળશે, પણ મનથી છોડનાર તો કોઈક જ નીકળશે. ભીખારીઓ તેમજ અન્ય ભાગ્યહીન પુરુષો વસ્તુ ન હોવાથી કેવળ કાયત્યાગી જેવા જ છે, પણ તેઓની મનોવૃત્તિમાં ત્યાગ ન હોવાથી તેઓ ત્યાગી કહેવાતા નથી.

મન, વચન અને કાયાથી છોડનાર સર્વોત્કૃષ્ટ ત્યાગી કહી શકાય છે. મન, વચન અને કાયાથી છોડનારા ત્યાગીઓ સંસારમાં ઘણા જ અલ્પ નીકળશે.

卐 卐 卐

**જી**વનો બે વસ્તુઓ ઉપર જ હક્ક છે. એક તો જ્ઞાન–દર્શન આદિ પોતાનો ધર્મ અને બીજું પરવસ્તુ કર્મ. આ બે વસ્તુ સિવાય જેટલું જડ–ચૈતન્યમય જગત દેખાય છે તેના ઉપર જીવનો હક્ક નથી. જો કે કર્મ જડ વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા ]

લેખક : **મુનિશ્રી હંસસાગરજી મહારાજ**

( ગતાંક પૃષ્ઠ ૧૭૦ થી શરૂ )

**મનસુખઃ**-સમાજમાં મારું કુટુંબ ધર્મીષ્ઠ તરીકેની ખ્યાતિને પામેલું છે. અમો વિશાળ કુટુંબવાળાં બહોળાં સગાંનાં સંબંધી છીએ. મારા માતપિતા શ્રી જિનેશ્વર દેવના પરમ ભક્ત હોઇ શુદ્ધ શ્રાવકધર્મના સાચા ઉપાસક છે. તેમનો હું એકનો એક અતિ લાડકવાયો પુત્ર છું. ગર્ભશ્રીમંતાઈએ અમને કદી તરછોડ્યાં નથી. ઘણાં સગાંવ્હાલાંઓનાં એક હાથથી બીજે હાથે અને ખાટ ઉપરથી પાટ ઉપર ફરીને પાનફૂલમાં જ મારો ઉછેર થયો છે. મારે બે મોટી બહેનો છે. એકનું નામ **ચંદન** અને બીજીનું **વાસંતી** છે. મારા પિતાને બે નાના ભાઈઓ છે, જેઓ મારા કાકા થાય છે. તે બંનેને પણ પુત્ર-પુત્રીનો બહોળો પરિવાર છે. મારા પિતાનું નામ **સોમચંદ** અને માતાનું નામ **જસકુંવર** છે. કાકાનાં નામો અનુક્રમે **રીખવચંદ** અને **ન્યાલચંદ** છે. અમો ઝવેરી હોઇને અમારો વ્યાપાર ઝવેરાતનો છે. વિકારી જગતના કૃત્રિમ કે વાસ્તવિક રંગઢંગથી અદ્યાપિ પર્યન્ત હું નિર્લેપ પાયઃ છું અને એનું કારણ મારામાં વડિલોએ બચપણથી જ સીંચેલા સુદૃઢ ધર્મ-સંસ્કાર જ છે. હું આઠ વર્ષનો થયો ત્યાં સુધીમાં તો સાચા શ્રાવકને છાજતાં દિનકૃત્યો-સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દેવદર્શન, પૂજા, ગુરુવંદન, વ્યાખ્યાન-શ્રવણ, પ્રત્યાખ્યાન, ધર્મનું નિત્ય નૂતન જ્ઞાન અને દાનધર્મને મારા પરોપકારી માતપિતાએ મારા જીવનમાં ગાઢ શ્રદ્ધાપૂર્ણ રીતે વણી નાંખ્યા હતા. આને પરિણામે બાલ્યકાળથી જ ઉત્તમ જનોમાં હું શ્રાવક કહેવાતો હતો. કહ્યું છે કે-

## સાચો શ્રાવક

श्रद्धालुतां श्राति जिनेन्द्रशासने,
धनानि पात्रेषु वपत्यनारतम् ।
करोति पुण्यानि सुसाधुसेवना—
दतोऽपि तं श्रावकमाहुरुत्तमाः ॥ ७ ॥

**અર્થઃ**—શ્રીજિનેશ્વર ભગવાનના શાસનમાં શ્રદ્ધાળુપણાને ગાઢ કરે, શ્રી જિનેશ્વર-

---

છે અને તે પર છે, એટલે તેના ઉપર પણ જીવનો હક્ક નથી, છતાં જીવ જ્યારથી સંસારમાં છે અને જ્યાં સુધી સંસારમાં રહેશે ત્યાં સુધી એક સમય માત્ર પણ કર્મ સર્વથા જીવથી છૂટાં પડવાનાં નથી. તેને અનાદિ કાળથી જીવે પોતાની જ વસ્તુ તરીકે માન્યાં છે અને હંમેશાં તેની વૃદ્ધિ કરતો રહેશે, માટે કર્મ ઉપર પણ જીવનો હક્ક છે.

જીવ જગતના તમામ પદાર્થોને છોડીને ચાલ્યો જશે, આયુષ્યની શરૂઆતથી સાથી બનેલ દેહને પણ છોડી દેશે; પરંતુ ધર્મ અને કર્મ એ બે વસ્તુઓને તો સાથે જ લઇ જવાનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ, જિનાગમ, જિનમંદિર, શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા–એ સાતે ક્ષેત્રને વિષે અસ્ખલિતપણે ખૂબ ખૂબ ધન વાવે–વાપરે, શ્રેષ્ઠ મુનિરાજોને ઉત્તમોત્તમ અને એષણીય (દોષમુક્ત) અન્ન, પાન, વસ્ત્ર, પાત્રાદિ પડિલાભે તથા વૈયાવચ્ચ–ભક્તિ કરવાને અંગે અઢળક પુણ્ય ઉપાર્જન કરે તેને ઉત્તમ પુરુષો શ્રાવક કહે છે. (શ્રાવક શબ્દની અન્ય રીતે પણ વ્યુત્પત્તિ થાય છે. જેમકે **શ્રદ્ધા, વિવેક અને ક્રિયા**–આ ત્રણ જેનામાં હોય છે તે શ્રાવક કહેવાય. ઉપર્યુક્ત શ્લોકમાં તો શ્રદ્ધા, વાવવું અને કરવું એ ત્રિકવાનને શ્રાવક કહ્યો છે. શ્રદ્ધા કે શ્રાતિનો 'શ્રા', વિવેક કે વાવવું નો 'व', અને ક્રિયા કે કરવું નો 'क' શબ્દના ગ્રહણ કરવાવડે 'શ્રાવક' શબ્દ થાય છે) તદુપરાંત શ્રાવકે આજીવન ફરજીઆત કરવો ઘટતો અભક્ષ્ય અનંતકાયાદિના ત્યાગરૂપ ધર્મવારસો પણ મારા માતપિતાએ મને સુપ્રત કર્યો છે. કહ્યું છે કેઃ–

**देशचारित्रविरतो विरतानामुपासकः,**
**भवस्वरूपं जानानः श्रावको जीविताबधि ॥८॥**
**मद्यं मांसं नवनीतं मधूदुंबरपञ्चकम्,**
**अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनं ॥९॥**
**आमगोरससंपृक्तद्विदलं पुष्पितोदनम्,**
**दध्यहर्द्वितयातीतं कुथितान्नं च वर्जयेत् ॥१०॥**

**અર્થ**:—સંસારની ભયંકરતાને જાણનારો, વિરતિ રમણીના ત્રિવિધ પાલક પૂ. મુનિવરોનો ઉપાસક અને સંપૂર્ણ ચારિત્ર પાળવામાં અશક્ત એવો દેશવિરતિ શ્રાવક મદ્ય, માંસ, માખણ, મધ, પંચુદુંબર (ઉંબરા, ટેટા, પેપડી વિ.) સર્વ અનંતકાય, અજાણ્યાં ફળ, રાત્રિભોજન, કાચાં દૂધ તથા દહીંને સ્પર્શેલું દ્વિદળ–કઠોળ, (જે વિદળ કહેવાય છે તે,) રાંધેલા રાતવાસી ચોખા, બે દિવસ વ્યતીત થએલું દહીં અને જેનાં વર્ણ, ગંધ, સ્પર્શ અને રસાદિ ચલિત થઈ ગયાં હોય–પલટી ગયાં હોય તેવાં સકળ ધાન્ય પદાર્થોનો સર્વથા ત્યાગ કરે. માતપિતાએ બચપણથી જ સુપ્રત કરેલો ઉપર્યુક્ત વારસો મારું અખૂટ ધર્મધન છે. એ ધન જેના પાસે નથી તે શ્રાવક કહેવરાવવાને પણ યોગ્ય નથી, બલ્કે તે નામધારી શ્રાવક છે. કહ્યું છે કે–

## નામધારી શ્રાવક

**पांचे चूक्यो त्रिहुं मूकिओ, चिउहिं न जाणइ नामुं।**
**जगि ढंढेरिओ वाइओ, मुंहइ श्रावक नामुं ॥११॥**

**અર્થ**:—પ્રાણાતિપાતાદિ પાંચ વ્રતોને દેશથી પાળવાં પણ ચૂકી ગયો, સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્રથી તદ્દન વેગળો રહ્યો તથા દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારના ધર્મનાં નામ સરખાંય જાણતો નથી અર્થાત્ આ ચારે ધર્મને યાદ જ કરતો નથી તેણે જગતમાં નકામો જ પોતાના મુખે શ્રાવક નામનો ઢંઢેરો વગાડ્યો છે. બલ્કે પોતાને શ્રાવક તરીકે ખોટો જ જણાવે છે. શ્રાવક, પ્રાણાતિપાતાદિ વ્રતોથી, સમ્યગ્ દર્શનાદિ રત્નત્રયીથી, અને દાનાદિ ચતુર્વિધ ધર્મથી રહિત હોય જ નહિં અને કદાચ હોય તો તે શ્રાવક નહિ પણ વાણીઓ જ છે ! અહીં એ શંકા થશે કે શું વણિક એ શ્રાવક નહિં ? તેના ઉત્તરમાં સમજવું કે વણિકનો અર્થ તો 'વણજ કરનારો' એમ થાય છે, જ્યારે શ્રાવકનો અર્થ તો આપણે ઉપર જણાવી ગયા તે છે. વણિકમાં તો જૈન, વૈષ્ણવ, મોઢ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ ઘણીય જ્ઞાતિઓ છે, જ્યારે શ્રાવકમાં તો ફક્ત શ્રાવક એક જ અને તે પણ જ્ઞાતિ નહિં પણ વર્ગ જ છે. અનેક જ્ઞાતિઓ શ્રાવક વર્ગ બની શકે છે પણ શ્રાવક વર્ગ અનેક જ્ઞાતિરૂપ બનતો જ નથી; છે જ નહિં. જૈન જ્ઞાતિમાં પણ શ્રાવક નામનો વિકલ્પ જ રહેલો છે. જૈન એટલે શ્રાવક એમ ઓઘિક ભલે કહે, વાસ્તવિક તો શ્રદ્ધાદિ ગુણને ધારણ કરે તે જ શ્રાવક કહેવાય છે. બલ્કે શ્રાવક નામ ધર્મસૂચક છે, જ્યારે વણિક નામ તો ફક્ત વ્યવહારુ જ છે. આથી શ્રાવકને વણિક કહેનારા શ્રાવકપણાની અપભ્રાજના કરે છે એ પણ અહિં સ્પષ્ટ થાય છે, કારણ કે જિનોક્ત ઉત્તમોત્તમ એકવીશ ગુણોને ધારણ કરનાર પુણ્યાત્મા જ શ્રાવક ધર્મને યોગ્ય છે.તે ૨૧ ગુણો આ પ્રમાણે–

## શ્રાવકના એકવીશ ગુણ

**अक्षुद्रो रूपसौम्यो विनयनययुतः क्रूरताशाठ्यमुक्तो
मध्यस्थो दीर्घदर्शी परहितनिरतो लब्धलक्षः कृतज्ञः।
सद्दाक्षिण्यो विशेषी सदयगुणरुचिः सत्कथः पक्षयुक्तो
वृद्धार्हो लज्जितो यः शुभजनदयितो धर्मरत्नस्य योग्यः**

**અર્થઃ**—(૧) **ક્ષુદ્ર હોય નહિં**–એટલે કે અતિગંભીર મનવાળો હોય. છિછરા મનવાળો મનુષ્ય દરેક કાર્યમાં ઉતાવળીઓ હોવાથી તે સ્વપરનો ચોક્કસ ઉપકાર કરી શકતો નથી. (૨) **રૂપવાન હોય**–એટલે કે પંચેન્દ્રિય જેને પ્રગટ હોય, શુભ સંઘયણવાળો હોય અને અંગોપાંગ જેમનાં પૂર્ણ હોય છે. આવી શુભ શરીર સંસ્થિતિને ધરનાર આત્મા ધર્મને કરતો જગતમાં પણ ધર્મની અત્યંત પ્રભાવના કરે છે. (૩) **સૌમ્ય હોય**–એટલે કે પાપકર્મોને સેવે નહિં કારણ કે એ ( મુખમુદ્રામાત્રથી નહિં ) સ્વભાવે જ સૌમ્ય હોય છે. જગતના પ્રાણીવર્ગને અભય આપવાના સ્વભાવવાળો હોવાથી જગબંધુ સમાન તે પોતાની પ્રશમતાના નિમિત્તે જગતને સુખે સેવવા યોગ્ય હોય છે. (૪) **વિનયવાન હોય**–એટલે કે જ્ઞાનાદિક પ્રાપ્ત કરવાનાં અને પ્રાપ્ત કરેલ જ્ઞાનાદિકને નિર્મળ રાખવાનાં ગુર્વાદિક સુદૃઢ આલંબનો પ્રતિ અતિ વિનય કરે છે. ' વિનયવિના વિદ્યા નહિં તો કેમ સમકિત પાવે રે? ' આ વાત એમણે હૃદયમાં ગૂંથી લીધેલી જ હોય. (૫) **નીતિવાન હોય**–એટલે કે જે જે કૃત્યોથી આ લોકમાં અપયશ, દંડ અને કારાગૃહાદિ પ્રાપ્ત થાય તેમ જ પરલોકમાં દુર્ગતિ મળે તેવાં અનીતિમય નિંદ્ય કાર્યો આચરવામાં પાપભીરુ હોય છે, બીકણ હોય છે, આથી ઉભયલોકે સુખના હેતુભૂત નીતિ–પથને એ કદી ય ઓળંગતો નથી. (૬) **અક્રૂર હોય**–એટલે કે કોઇના પણ પ્રતિ તેના મનમાં મલિન ભાવ હોતો નથી, અને એથી જ કોઈ પ્રાણી પ્રતિ એ ક્રૂર બનતો નથી. (૭) **અશઠ હોય**–એટલે કે કોઇને પણ ઠગવાની વૃત્તિવાળો–કપટી હોતો નથી. ધર્મનાં કાર્યો કે ધર્માનુષ્ઠાનોને–લોકરંજન, આશંસા કે નિયાણા માટે એ કરતો જ નથી, ઉત્તમ ભાવપૂર્વક આત્મકલ્યાણ માટે જ કરે છે. આથી જગતભરના પ્રાણીઓનો એ અપૂર્વ વિશ્વાસભાજન બની ધર્મકીર્તિને સર્વ દિગ્વ્યાપી બનાવે છે.(૮) **મધ્યસ્થ હોય**–એટલે કે સદ્ધર્મના મર્મને યથાર્થ જાણીને પાખંડીઓના પુરાણા કે નવીન ગ્રંથોથી ભરમાય નહિં,બહુ લોકપ્રવાહને પણ તે તે પાખંડોમાં ભળ્યો દેખે છતાંય એ સુલસા શ્રાવિકાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માફક પોતાના જ ધર્મમાં સ્થિર રહીને લોકહેરીથી મધ્યસ્થ રહે, વેગળો રહે એટલે કે પોતે તેમાં ભળે નહિં તેમ વિરુદ્ધ પણ પડે નહિં. એ તો કેવલી ભગવંતે બતાવેલા આત્મગુણોનો જ સંચય કરવામાં **રક્ત હોય.** (૯)**દીર્ઘદર્શી હોય**-એટલે કે પરિણામ વિચાર્યા વિના કોઇપણ કાર્યમાં પગલું જ ન ભરે, બલ્કે કાર્યને પરિણામે ઉભય લોકમાં પોતાને લાભ થાય તેવું પરિણામે હિત વિચારીને જ કાર્ય કરે.(૧૦)**પરહિતકારી હોય**-અન્ય જનોની ભાવદયા ચિંતવીને એને સદ્ધર્મમાં સ્થાપવા, સ્થાપીને સ્થિર કરવા અત્યંત લાગણી ધરાવે. (૧૧)**લબ્ધલક્ષ હોય**-આગમના અર્થગંભીર અર્થોને ગુરુના ઉપદેશથી તાત્કાલિક ગ્રહણ કરી લે, શીખી લે, એવી ઉત્તમ લક્ષપ્રાપ્તિને ધરનારો હોય છે, આથી તો સૂત્રને વિષે શ્રાવકોને **लब्धार्थाः, ग्रहितार्थाः** કહેલા. (૧૨) **કૃતજ્ઞ હોય**-જિનેશ્વરદેવે બતાવેલા આત્મગુણોએ જ પોતાને ગુણી બતાવ્યો છે એમ સમજીને તત્ત્વબુદ્ધિવાન તે બીજાઓને પણ ગુણી બનાવવા ધર્મ તથા આત્મગુણોમાં જોડે. ભગવાનના વિરહે પણ તેવા ઉત્તમોત્તમ ગુણોને પ્રાપ્ત કરાવનાર પરમોપકારી ગુરુદેવનું બહુમાન કરે, આદર-ભક્તિ કરે, એવા ઉપકારીના ઉપકારને જાણીને ઉપકારી પ્રતિ અસ્ખલિત સેવાભાવી હોય છે. (૧૩) **સદાક્ષિણ્યતાવાળો હોય**-અન્ય જનોને આવી પડેલા ઉચિત કાર્યોમાં જ્યારે પોતાની મદદની જ અન્યને આવશ્યકતા હોય તેવા પ્રસંગે બીજાઓને ગરજ વરતાવે નહિં, ઊલટું પોતાનાં પણ આવશ્યક કાર્યને તજી દઇને સામાનાં કાર્યો તાત્કાલિક કરી આપીને એ અન્ય જનો પર ઉપકાર કરે એવી શ્રેષ્ઠ દાક્ષિણ્યતાવાળો હોય.

(૧૪) **વિશેષજ્ઞ હોય**-પોતાને ઉપયોગી કે અનુપયોગી સર્વ પદાર્થોના ગુણદોષની વિશેષતા, પૃથક્ત્વતા-તારતમ્યતાનો જાણ હોય છે, એટલે કે ગોળખોળ સમ ગણવાની તેમજ ઊજળું બધું ય દૂધ માની લેવાની મૂર્ખાઇથી એ અત્યંત પર હોય છે. (૧૫) **પરમદયાળુ હોય**-દયા જ ધર્મનું મૂળ છે એમ સમજીને સર્વ પ્રાણીઓ પ્રતિ દ્રવ્ય અને ભાવથી તે અનુકંપાવાન હોય છે. (નિરાધાર, અપંગ, આંધળા, લૂલાં, લંગડાં, પાંગળાં, દીન કે દુઃખી સ્થિતિનાં પ્રાણીઓને અન્ન, વસ્ત્ર કે દ્રવ્યાદિ આપીને, એનાં દુઃખ ટાળીને એને સંતોષ પમાડવા પ્રયત્ન કરવો તે **દ્રવ્યદયા** કહેવાય અને અધર્મ આચરનારા અન્ય આત્માઓ અધર્મને પરિણામે દુર્ગતિના ભાજન બની ભવિષ્યમાં ભયંકર પીડાના ભાગી ન થાય એમ ચિંતવીને એને સદ્ધર્મમાં જોડવા યત્ન કરવો તે પ્રાણીઓ પ્રત્યેની **ભાવદયા** કહેવાય છે. શ્રાવકમાં જ આ દયા સંભવે છે) (૧૬) **ગુણરાગી હોય**-પોતે નિરંતર ગુણનો જ રાગી હોઇને નિત્ય નૂતન ગુણોનો સંગ્રહ કરે, પોતાનાથી અધિક ગુણવાનોનું બહુમાન કરે-પૂજે, વિશિષ્ટ ગુણવાનોને જરા પણ દુભવે નહીં અને નિર્ગુણોની ઉપેક્ષા કરે. (૧૭) **સત્કથી હોય**-સ્ત્રીકથા, દેશકથા, ભક્તકથા અને રાજકથાદિ વિકથા-અશુભ કથા-અસત્કથા કરવાથી આત્માને પ્રાપ્ત થએલું સદસદ્ વસ્તુનું પરિજ્ઞાન નાશ પામે છે, જ્યારે સત્કથાદિમાં નિત્ય રક્ત રહેવું એ ધર્મવૃદ્ધિનું કારણ છે. આ પ્રમાણે સદ્બુદ્ધિને ધારણ કરનારો તે ધર્માર્થી ધર્માત્મા સદા ય સત્કાર્ય જ કરવાને વિવેક ધારણ કરે છે. (૧૮) **પક્ષવાળો હોય**-ધર્મીષ્ઠ, શિયળવાન અને અનેક પ્રકારના સદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારોથી સુવાસિત હોવાને લીધે યશસ્વી, સ્વજન કુટુંબાદિ પરિવારવાળો-પક્ષવાળો હોય. (૧૯) **વૃદ્ધાર્હ હોય**-જ્ઞાનવૃદ્ધ અને ગુણવૃદ્ધ એવા આપ્તપુરુષોનો અનુગત હોય-એમની આજ્ઞા મુજબ વર્તનારો હોય છે, કારણ કે અતિ અનુભવવડે જ્ઞાન અને ગુણો જેનામાં પરિણત થયેલા છે-સ્થિર થયેલા છે-ઠરેલા છે તેવા વૃદ્ધ પુરુષોને આધીન વર્તવાથી પોતાની બુદ્ધિ પરિણતા-સ્થિરતાને પામે છે, એવું એ ચોક્કસ સમજતો હોવાથી તેવા આપ્ત-વૃદ્ધોનો તે પૂજક હોય છે. (૨૦)**અતિલજ્જાવાન હોય**-પોતે તન,મન કે ધનથી કોઇનું પણ કાર્ય કરી આપવાનું વચન આપ્યું હોય તે ગમે તેવા વિકટ સંયોગે પણ ફેરવતો નથી. પોતે જે જે શુભ કાર્યોનો આદર કરેલો હોય-અંગીકાર કરેલો હોય તે પ્રાણાંતે પણ તજી શકતો નથી, તેમજ આપત્પ્રસંગે પણ અકાર્ય તો કદીય કરી શકતો નથી. એવા ઉત્તમ લજ્જાગુણને ધરાવે છે. (૨૧) **જનવલ્લભ હોય**-નિપુણ જનો જે કાર્યથી વિરુદ્ધ હોય તેવા કાર્યને 'ધર્મને વિષે જ શૂર એવો તે પુણ્યાત્મા' આદરતો જનથી, સેવતો જ નથી. આવા ઉત્તમ ગુણને ધારણ કરવાવાળો આત્મા શ્રાવક ધર્મને યોગ્ય છે, અધિકારી છે. આ એકવીશ ગુણ ધરનાર આત્મા ધર્મ પાળવાની લાયકાતમાં ઉત્તમ ગણાય છે, એથી પોણા ભાગના ગુણને ધારણ કરનારને મધ્યમ, એથી અર્ધા ગુણો ધરવાવાળાને જઘન્ય અને એના અર્દ્ધથી પણ ઓછા ગુણને ધરવાવાળાને તો શાસ્ત્રકાર મહારાજે દરિદ્રી જ કહ્યો છે એટલે કે એ તો શ્રાવક ધર્મને લાયક જ નથી. આવા સદ્ગુણોથી વાસિત થયેલા આત્માને સદ્ગુરુયોગે સમ્યક્ત્વ ધર્મની પ્રાપ્તિ થાય અને તે પછી સંસારની ભયંકરતાનો એને સંપૂર્ણ ભાસ થાય છે. તેથી એમને ભવનિર્વેદ થાય છે-સંસારમાં એને ક્યાંય પણ ચેન પડતું નથી. કોઇ આત્મા નારકીના દુઃખોથી કંટાળીને જેમ નારકભૂમિમાંથી જલ્દી નાસી છૂટવા સતત ઇંતેજાર હોય છે તેમ આ ભાગ્યવાન પણ ભવના દુઃખોથી કંટાળી ભવમાંથી મુક્ત થવાની સતત લાગણી ધરાવે છે. નાસી છૂટવાનું મન કરતાં સંસારની સર્વવિરતિ આચરવા પોતાને સમર્થ ન દેખે,અથવા સાંસારિક અનેક અપાયો એની દૃષ્ટિપંથે ચડી એને કાયર કરે-સર્વવિરતિના સ્વીકારમાં ઢીલો કરે તો તે પુણ્યવાન સર્વવિરતિ પામવા જેવું સામર્થ્ય કેળવવાને માટે તેની (સર્વવિરતિની) નિત્ય યાદગીરીને માટે-'ક્યારે હું સર્વવિરતિ પામું?' એવી વાંચ્છનાપૂર્વક આત્મનિર્બળતાને ટાળવા દેશવિરતિ ધર્મનો અતિ દુઃખે આદર કરે. આપ્રકારે દેશવિરતિ ધર્મને પાળતો શ્રાવક **ભાવશ્રાવક** કહેવાય છે. એ ભાવ શ્રાવક કેવી રીતે બને અને એના શાસ્ત્રકાર મહારાજાએ જણાવેલા સત્તર ગુણો કેવા છે વિગેરે બાબત તો આપણે અવસરે ચર્ચશું. હાલ તો શ્રાવકધર્મને યોગ્ય આત્માની જ પીછાણ કરાવી છે. આત્મા જ્યારે શ્રાવક બને ત્યારે તો તે પ્રાતઃસ્મરણીય પૂણ્યમૂર્તિસ્વરૂપ પ્રાયઃ હોય છે. જ્યારે વણિકનું સ્વરૂપ તો શાસ્ત્રકારો વિલક્ષણીય જ જણાવે છે. જુઓ !

## વણિક તો આવો હોય છે.

**श्रुत्वा दुर्वाक्यमुच्चैर्हसति मूषति च स्वीयमाप्येन लोकं**
**क्रयार्थं गृह्णाति पण्यं बहुकिमिति वदन्नर्द्धमेव प्रदत्ते ।**
**स्वीयाऽन्यायेऽपि पूर्वं व्रजति नृपगृहं लेखके कूटकारी,**
**मध्ये सिंहप्रतापः प्रकटमृगमुखः स्याद्वणिग्धूर्त्तराजः ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—કોઇનાં દુર્વાક્યો સાંભળીને (હૃદયમાં તો ઝેરી સાપની માફક છંછેડાયો હોય છે છતાં) અત્યંત હસવા માંડે છે, પોતાના ખોટાં રાખેલાં માપથી લોકોને ચોરે છે-છેતરે છે, લોકો પાસેથી કોઈ પણ વસ્તુઓની ખરીદી કરે-લે ત્યારે ઉદાર લોકો લાભવાની આદિ આપે તે વખતે 'નહિં નહિં પટેલ! વધારે શું કામ? વધારે શું કામ?' એમ બોલતો જ રહીને 'શેઠ તો જાણે ન્યાય નીતિને ઓળંગવા જ માગતા ન હોય' એવી પટેલ પર છાપ પાડી, વિશ્વાસમાં લઇને પૂરેપૂરો માલ તો લે જ પણ કાંટો મરડીને બીજો અર્ધો માલ વધારે ઉઠાવે એટલે કે દોઢો માલ ઉઠાવી જાય, તેમ જ લોકો જ્યારે તેમની પાસેથી કોઇપણ વસ્તુ લેવા આવે ત્યારે અર્ધું જ આપે. અન્યાય પોતે કર્યો હોય છતાં 'મને લૂંટ્યો, મને લૂંટયો' એમ જણાવવા માટે કચેરીમાં પેલો દોડે, આપ્યું ન હોય છતાં લોકોને નામે ખોટું જ લખી નાખે, મુખ તો મૃગલાનાં જેવું ગરીબડું જ દેખાડે જ્યારે હૃદયનો તો સિંહ સમાન ક્રૂર એવો મહાધૂર્ત વણિક હોય છે. એથી પણ આગળ વધીને શાસ્ત્રકાર વણિકની ઓળખ કરાવતાં ફરમાવે છે કેઃ—


**मानेन किञ्चित्तुलयाऽपि किञ्चद्दानेन किञ्चिद्**
**ग्रहणेन किञ्चित्।**
**किञ्चत् किञ्चिच्च समाहरन्त प्रत्यक्षचौरा वणिजो**
**भवन्ति ॥ १४ ॥**

**અર્થ**:—થોડું માપથી, થોડું તોલથી, થોડું આપવામાંથી અને થોડું લેવામાંથી પણ ઉઠાવી જ લેતા હોવાથી વાણીઆ એ તો પ્રત્યક્ષ ચોર છે. વળી તે કેવા હોય તે જણાવે છે.

**अपलपति रहसि दत्तं प्रत्ययदत्तेऽपि संशयं कुरुते,**
**क्रयविक्रये च लुण्टति तथापि लोके वणिक् साधुः।**

**અર્થ**:—ખાનગી કાંઇ આપ્યું હોય તો પાછું માગતી વેળા 'કોણ જાણે છે? સારા માણસને ગળે પડે છે?' વિગેરે વાક્યો ઉચ્ચરીને અપલાપ કરે છે, નામકર જાય છે, સામો મનુષ્ય નિશાનીઓ આપે, આપ્યાની ખાત્રી કરી આપે તો પણ 'શું તમે મને આપ્યું જ છે? જો આપ્યું હોય તો મને યાદ કેમ ન આવે?' વિગેરે શંકાસ્પદ ભાષણ કરવા માંડે. માલ લેતો અને દેતો લોકને લૂંટે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આમ છતાં પણ વણિક સારો ગણાય છે મતલબ કે એ એટલો તો કપટ-કુશળ હોય છે કે લોકોને પોતાની જાત મૂળ સ્વરૂપે ઓળખાવા દેતો જ નથી. ક્યાં ગુણનિધિ એવો શ્રાવક અને ક્યાં કૂડકપટનો ભંડાર એવો વણિક! બંનેમાં જમીન આસમાનનું અંતર છે. આથી મહાન્ ગુણનિધિને કૂડકપટનો ભંડાર ઓળખાવવામાં જેમ ભયંકર પાપ છે, તેમ વણિકને શ્રાવક કહેવો તે પણ મહાન્-ભયંકર પાપ જ છે એમ ઉપરનાં સૂક્તોથી સિદ્ધ થાય છે.

(ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવાધર્મ — દિગ્દર્શન

(ગતાંકથી સંપૂર્ણ)

એક બાળક જન્મતા કેવું નિર્બળ અને અસહાય હોય છે અને પોતાની સમસ્ત આવશ્યકતાઓની પૂર્તિને માટે તે બીજા પર કેટલું નિર્ભર રહે છે અથવા આધાર રાખે છે? બીજા માણસો તેની ખાવાપીવાની, ઊઠવાબેસવાની, સૂવાની, ઓઢવાબીછાવવાની, દિલ બહેલાવવાની, શરદી ગરમી આદિથી રક્ષા કરવાની અને શિક્ષણ આપવા-અપાવવાની જે સેવાઓ કરે છે તે સર્વે તેને માટે પ્રાણદાન સમાન છે. જ્યારે તે સમર્થ થાય ત્યારે તે સેવાઓને ભૂલી જાય છે અને ઘમંડમાં પોતાના તે ઉપકારસેવકોની-માતાપિતાદિની સેવા નથી કરતો-તેનો તિરસ્કાર પણ કરે છે તો સમજવું જોઇએ કે તે પતનની તરફ જાય છે. એવા લોકોને સંસારમાં કૃતઘ્ન, ગુણહીન અને અહેશાનફરામોશ જેવા દુર્નામોસ કહેવામાં આવે છે. કૃતઘ્નતા અથવા બીજાએ કરેલા ઉપકારો અને લીધેલી સેવાઓને ભૂલી જવી એ મોટો અપરાધ છે અને તે વિશ્વાસઘાતાદિની જેમ એવડું મોટું પાપ છે કે તેના ભારથી પૃથ્વી પણ કંપે છે.

કોઇએ ઠીક જ કહ્યું છે:—

**કરે વિશ્વાસઘાત જો કોય,**
**કીયા કૃતકો વિસરૈ જોય;**
**આપદ પડે મિત્ર પરિહરૈ,**
**તાસુ ભાર ધરણી થરથરૈ.**

એવા પાપોનો ભાર વધવાથી પૃથ્વી ડોલ્યા કરે છે, ભૂકંપ થાય છે અને એથી જો સાધુપુરુષ, ભલો આદમી હોય છે તે બીજાએ કરેલા ઉપકારો અથવા લીધેલી સેવાને કોઇ દિવસ ભૂલતો નથી. "न हि कृतमुपकारं साधवो विस्मरन्ति" બદલામાં પોતના ઉપકારીઓની અથવા તેના આદર્શાનુસાર બીજાની સેવા કરીને ઋણમુક્ત થાય છે. તેના સિદ્ધાંત તો परोपकाराय सतां विभूतयः। ની નીતિને અનુસરનારા હોય છે.

**उपकारिषु यः साधुः, साधुत्वे तस्य को गुणः ?**
**अपकारिषु यः साधुः, स साधुः सद्भिरुच्यते ॥**

અર્થાતઃ-પોતાના ઉપકારીઓની પ્રતિ જે સાધુતાનો-પ્રતિઉપકારાદિરૂપ સેવાનો-વ્યવહાર કરે છે તેના તે સાધુપણામાં શું મોટાઇ છે? એવું કરવું તે સાધારણ જનોચિત મામૂલી વાત છે. સત્પુરુષોએ તો તેને સાચા સાધુ બતાવ્યા છે જે પોતાનો અપકાર-બુરું કરનાર પ્રતિ પણ સાધુતાનો વ્યવહાર કરે છે. તેની સેવા કરી તેના આત્મામાંથી શત્રુતાના વિષને પણ કાઢી નાખવું એ પોતાનું કર્તવ્ય સમજે છે.

એવા સાધુપુરુષોની દૃષ્ટિમાં ઉપકારી, અનુપકારી અને અપકારી પ્રાયઃ બધા સમાન હોય છે. તેની વિશ્વબન્ધુત્વની ભાવનામાં કોઇનો પણ અપકાર અથવા અપ્રિય આચરણ કંઇપણ વિઘ્નકર્તા નથી. 'अप्रियमपि कुर्वाणो यः प्रियः प्रिय एव सः' આ ઉદાર ભાવનાથી તેનો આત્મા સદા ઉચ્ચ રહે છે. તે તો સેવા ધર્મના અનુષ્ઠાનદ્વારા પોતાનો વિકાસ સિદ્ધ કર્યા કરે છે, અને તેથી સેવાધર્મના પાલનમાં સર્વ પ્રકારથી દત્તચિત્ત હોવું તેને પોતાનું પરમ કર્તવ્ય સમજે છે.

વાસ્તવમાં, જન્મતાં જ જ્યાં આપણે બીજાઓની સેવાઓ લઇને તેના ઋણી બનીએ છીએ, પછી કંઇ સમર્થ થઇને પોતાની ભોગોપભોગની સામગ્રી ભેગી કરવામાં, પોતાની માનમર્યાદાની રક્ષામાં, પોતાના કષાયોને પુષ્ટ કરવામાં અને પોતાના મહત્ત્વ યા પ્રભુત્વને બીજા પર સ્થાપિત કરવાની ધૂનમાં અપરાધ પણ ઓછા નથી કરતા. એ પ્રમાણે આપણા આત્મા પરકૃત ઉપકાર-ભારથી અને સ્વકૃત-અપરાધભારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બરાબર દબાઈ રહે છે. તે ભારોથી હલકા થવાની સાથે સાથે પણ આત્માના વિકાસનો સંબંધ છે. લોકસેવાથી તે ભાર હલકો કરીને આત્મવિકાસની સિદ્ધિ થાય છે. તેથી સેવાને પરમ ધર્મ કહેવામાં આવ્યો છે અને તે એટલો પરમ ગહન છે કે કોઇ કોઇ વખત તો યોગીઓદ્વારા પણ અગમ્ય થઈ જાય છે. તેની બુદ્ધિ કરે છે, તે પણ તેના સામે ઘુંટણે ટેકો દે છે અને ગહરી સમાધિમાં ઉતરીને તેના રહસ્યને શોધવાનો પ્રયત્ન કરે છે. લોકસેવાને માટે પોતાના સર્વસ્વ અર્પણ કરવાથી પણ તેને બહુધા આમ કહેતા સાંભળીએ છીએ.

**हा दुठ्ठकयं ! हा दुठ्ठं भासियं ! चिंतियं च हा दुठ्ठं ।**
**अंतो अंतोऽब्भम्मि पच्छुत्तावेण वेयंतो ॥**

મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં જેમાં જરા પણ પ્રમત્તતા, અસાવધાની અથવા ત્રુટી લોકહિતની વિરુદ્ધ દેખાય છે ત્યાં તે સમયે ઉક્ત પ્રકારના ઉદ્દગાર તેના મોઢેથી નીકળી પડે છે, અને તે તેના દ્વારા પશ્ચાત્તાપ કરતાં પોતાના સૂક્ષ્મ અપરાધોનું પણ નિત્ય પ્રાયશ્ચિત્ત કર્યા કરે છે. તેથી એ પ્રસિદ્ધ છે કે—

**" सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥"**

સેવા ધર્મની સાધનામાં નિઃસંદેહ ઘણી સમાધાનીની જરૂરત છે અને તેને માટે આત્મબલિ-પોતાના લૌકિક સ્વાર્થોની આહુતિ-દેવી પડે છે. પૂર્ણ સાવધાની જ પૂર્ણ સિદ્ધિની જનની છે. ધર્મની પૂર્ણસિદ્ધિ પણ પૂર્ણ આત્મવિકાસને માટે ગેરંટી અને તે આત્મવિકાસ જ સેવાધર્મનું પ્રધાન લક્ષ્ય છે, ઉદ્દેશ્ય છે અથવા ધ્યેય છે.

મનુષ્યનું લક્ષ જ્યાં સુધી શુદ્ધ નથી હોતું ત્યાં સુધી સેવાધર્મ તેને કંઈક કઠિન અને કષ્ટકર જરૂર પ્રતીત થાય છે. તે સેવા કરીને પોતાના અહેસાન માને છે, પ્રતિસેવાની-પ્રત્યુપકારની વાંછા કરે છે અથવા પોતાની અને બીજાની સેવાની માપતૌલ કર્યા કરે છે અને જ્યારે તેવી માપતૌલ ઠીક નથી ઉતરતી-પોતાની સેવાથી બીજાની સેવા ઓછી માલૂમ પડે છે-અથવા તેની એ વાંછા પણ પૂરી નથી હોતી અને કોઇ બીજો આદમી તેનો અહેસાન નથી માનતો તો તે એકદમ ગુસ્સે થાય છે ખેદખિન્ન થાય છે, દુઃખ માને છે, સેવા કરવી છોડી દે છે અને અનેક પ્રકારના રાગદ્વેષોના શિકાર બનીને પોતાના આત્માને હણે છે. તેનું લક્ષ્ય શુદ્ધિનું થતાં જ આ કંઇ ન બનત. સેવાધર્મ એકદમ સુગમ અને સુખસાધ્ય બની જાય છે. તેના કરવામાં આનંદ આનંદ આવે છે. ઉત્સાહ એટલો વધે છે કે તેના ફલસ્વરૂપ લૌકિક સ્વાર્થોની સહજમાં બલિ ચઢી જાય છે અને જરા પણ કષ્ટ જણાતું નથી. આ દશામાં જો કંઇ પણ કરવામાં આવે છે, પોતાનું કર્તવ્ય સમજીને ખુશીથી કર્યે જાય છે અને તેની સાથે પ્રતિસેવા-પ્રત્યુપકાર અથવા પોતાનો આદર-સત્કાર યા અહંકારની કોઇ ભાવના ન રહેવાથી ભવિષ્યમાં દુઃખ, ઉદ્વેગ તથા કષાયભાવોની ઉત્પત્તિનું કોઇ કારણ પણ નથી રહેતું, અને તેથી સહજમાં જ આત્મવિકાસ સધાય છે. એવા લોકો જો કોઇને દાન પણ કરે છે તે નીચા નયન કરીને કરે છે અને તેમાં પોતાનું કર્તૃત્વ નથી માનતા. કોઇએ પૂછયું: આપ આવું કેમ કરો છો? તો તેમણે ઉત્તર આપ્યો કે--

**દેનેવાલા ઔર હૈ, મૈ સમરથ નહિ દેન;**
**લોગ ભરમ મેં કહત હૈ, યામે નીચે નૈન.**

અર્થાત્:—દેવાવાળો કોઇ બીજો જ છે, અને તે તેનું ભાગ્યોદય છે-હું પોતે કંઇપણ દેવાને સમર્થ નથી. જો હું દાતા હોઉં તો હું પહેલાં જ કેમ નથી આપતો? લોકો ભ્રમવશ મને વ્યર્થ જ દાતા સમજે છે, તેથી મને શરમ આવે છે અને તેથી હું નીચે નયન કરીને રહું છું. જુઓ, કેટલો ઊંચો ભવ છે? આત્મવિકાસને પોતાનું લક્ષ્ય બનાવવાવાળા માનવોની એવી જ પરિણતિ થાય છે.

લક્ષ્યશુદ્ધિની સાથે આ સેવાધર્મનું અનુષ્ઠાન હરકોઇ પોતાની શક્તિની અનુસાર કરી શકે છે. નોકર પોતાની નોકરી, દુકાનદાર દુકાનદારી, વકીલ વકીલાત, મુખ્તાર મુખ્તારકારી, મુહરિંર મુહરિંરી, ઠેકેદાર ઠેકેદારી, ઓહ્દેદાર ઓહ્દેદારી, ડાકટર ડાકટરી, હકીમ હિકમત, વૈદ્ય વૈદ્યક, શિલ્પકાર શિલ્પકારી, કિસાન ખેતી, તથા બીજા પેશેવર પોતપોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ અને મજદુર પોતાની મજદુરી કરતા કરતા તેમાંથી સેવાનો માર્ગ કાઢી શકે છે. સર્વના કાર્યોમાં સેવાધર્મને માટે યથેષ્ટ અવકાશ છે–ગુંજાઇશ છે.

## સેવાધર્મના પ્રકાર અને માર્ગ—

હવે સંક્ષિપ્તમાં એ બતાવવા ઇચ્છું છું કે સેવાધર્મ કેટલા પ્રકારનો છે, અને તેના મુખ્ય માર્ગ કયા કયા છે? સેવાધર્મના મુખ્ય બે ભેદ છે: એક ક્રિયાત્મક અને બીજો અક્રિયાત્મક. ક્રિયાત્મકને પ્રવૃત્તિરૂપ તથા અક્રિયાત્મકને નિવૃત્તિરૂપ સેવાધર્મ કહે છે. આ બેઉ પ્રકારના સેવાધર્મ મન, વચન તથા કાયાની દ્વારા ચરિતાર્થ હોય છે, તેથી સેવાનો મુખ્ય માર્ગ માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણ જ છે. ધનાદિકનો સંબંધ કાયાની સાથે થવાથી તે પણ કાયિકમાં જ સામેલ છે. એ ત્રણે માર્ગોથી સેવાધર્મ પોતાના કાર્યમાં પરિણત કર્યે જાય છે, અને તેમાં આત્મવિકાસને માટે સહાયક બધાય ધર્મસમૂહનો સમાવેશ થઇ જાય છે.

નિવૃત્તિરૂપ સેવાધર્મમાં અહિંસાપ્રધાન છે. તેમાં હિંસારૂપ ક્રિયાનો--સાવદ્યકર્મનો અથવા પ્રાણવ્યપરોપણમાં કારણભૂત મન-વચન–કાયાની પ્રમત્તાવસ્થાનો ત્યાગ કરવામાં આવે છે. મન-વચન-કાયાની ઇંદ્રિય વિષયોમાં સ્વેચ્છા પ્રવૃત્તિના ભલા પ્રકાર નિરોધરૂપ 'ગુપ્તિ' ગમનાદિકમાં પ્રાણીપીડાના પરિહારરૂપ 'સમિતિ', ક્રોધની અનુત્પત્તિરૂપ 'ક્ષમા', માનના અભાવરૂપ 'માર્દવ', માયા અથવા યોગવક્રતાની નિવૃત્તિરૂપ 'આર્જવ', લોભના પરિત્યાગરૂપ 'શૌચ' અપ્રશસ્ત એવં અસાધુ વચનોનાં ત્યાગરૂપ 'સત્ય', પ્રાણવ્યપરોપણ અને ઇંદ્રિયવિષયોનાં પરિહારરૂપ 'સંયમ', ઇચ્છાનિરોધરૂપ 'તપ', દુષ્ટ વિકલ્પોનાં સંત્યાગ અથવા આહારાદિક હેય પદાર્થોમાંથી મમત્વના પરિવર્જનરૂપ 'ત્યાગ', બાહ્ય પદાર્થોમાં મૂર્ચ્છાના અભાવ રૂપ 'આકિંચિન્ય', અબ્રહ્મ અથવા મૈથુનકર્મની નિવૃત્તિરૂપ 'બ્રહ્મચર્ય' ( આવા દશ લક્ષણ ધર્મ ) ક્ષુધાદિ વેદના ઉત્પન્ન થવાથી ચિત્તમાં ઉદ્વેગ તથા અશાંતિ ન થવા દેવારૂપ ' પરિસહજય ', રાગ દ્વેષાદિ વિષમતાઓની નિવૃત્તિરૂપ ' સામાયિક ' અને કર્મગ્રહણની કારણભૂત ક્રિયાઓથી વિરક્તિરૂપ 'ચારિત્ર' એ સર્વ પણ નિવૃત્તિરૂપ સેવાધર્મના જ અંગ છે. જેમાંથી કંઇક હિંસા અને કંઇક હિંસક ક્રિયાઓના નિષેધને માટે થએલ છે.

આ નિવૃત્તિપ્રધાન સેવાધર્મના અનુષ્ઠાનને માટે કંઇપણ કોડી--પૈસાની જરૂર નથી. તેમાં તો પોતાના મન–વચન–કાયાની કેટલીક ક્રિયાઓ રોકવાનું હોય છે. તેનો પણ વ્યય નથી કરવામાં આવતો. હા આ ધર્મ પર આવવાને માટે નીચે લખેલ ગુરૂમંત્ર ઘણો ઉપયોગી છે–સાચો માર્ગદર્શક છે.

**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।**

જે જે વાતો, ક્રિયાઓ, ચેષ્ટાઓ તમારી પ્રતિકૂલ છે, જેને બીજાઓ દ્વારા કરેલ વ્યવહારને તમે પોતાને માટે પસંદ નહિ કરો, અહિતકર અને દુઃખદાયી સમજો છો તેવા આચરણ તમે બીજાઓ પ્રતિ ન કરો.

એ પાપોથી બચવાનો ગુરૂમંત્ર છે; તેમાં સંકેતરૂપે જે કંઇ કહ્યું છે, વ્યાખ્યા દ્વારા તેને બહુ જ વિસ્તૃત તથા પલ્લવિત કરીને બતાવી શકાય છે.

પ્રવૃત્તિરૂપ સેવાધર્મમાં 'દયા' પ્રધાન છે. બીજાના દુઃખો-કષ્ટોનો અનુભવ કરીને, તેનાથી દ્રવીભૂત થઇને તેને દૂર કરવાને માટે મન, વચન, કાયાની જે પ્રવૃત્તિ છે-વ્યાપાર છે તેનું નામ દયા છે અહિંસા ધર્મનો અનુષ્ઠાતા જ્યાં પોતાના તરફથી કોઇને પણ કષ્ટ–દુઃખ નથી પહોંચાડતો ત્યાં દયાધર્મનો અનુષ્ઠાતા બીજાઓ દ્વારા થએલા દુઃખ–કષ્ટોને પણ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. આ બેઉમાં પ્રધાન અંતર છે. અહિંસા જો સુંદર પુષ્પ છે, તો દયા તેની સુગંધ સમજવી જોઇએ.

દયામાં સક્રિય પરોપકાર, દાન, વૈયાવૃત્ય, ધર્મોપદેશ અને બીજાઓના કલ્યાણની ભાવનાઓ સામીલ છે. અજ્ઞાનથી પીડિત જનતાના હિતાર્થે વિદ્યાલય–પાઠશાળા ખોલવી, પુસ્તકાલય–વાંચનાલય સ્થાપિત કરવું, રિસર્ચ ઇન્સ્ટીટયુટોનું–અનુસંધાન પ્રધાન સંસ્થાઓનું ચાલુ રખાવવું, વૈજ્ઞાનિક શોધોને પ્રોત્તેજન દેવું તથા ગ્રંથનિર્માણ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાખ્યાનાદિ દ્વારા અજ્ઞાનાંધકારને દૂર કરવાને પ્રયત્ન કરવો, રોગથી પીડિત પ્રાણીઓને માટે ઔષધાલયો-ચિકિત્સાલયોની વ્યવસ્થા કરવી, બેકાર અથવા ભૂખથી સંતપ્ત મનુષ્યોને માટે રોજગાર-ધંધાનો પ્રબંધ કરીને તેની રોટીનો સવાલ દૂર કરવો અને કુરીતિઓ, કુસંસ્કાર તથા બૂરી આદતોથી જર્જરિત એવા પતનોન્મુખ મનુષ્ય સમાજના સુધારાર્થે સભા સોસાઇટીઓનું કાયમ કરવું અને તેને વ્યવસ્થિત રીતે ચલાવવું. એ સર્વે તે દયા-પ્રધાન પ્રવૃતિરૂપ સેવાધર્મનું અંગ છે. પૂજ્યોની પૂજા-ભક્તિ-ઉપાસના દ્વારા અથવા ભક્તિયોગપુર્વક જે પોતાના આત્મામાં ઉત્કર્ષ સિદ્ધ કરવામાં આવે છે તે સર્વ પણ મુખ્યતયા પ્રવૃતિરૂપ સેવાધર્મનું અંગ છે.

આ પ્રવૃતિરૂપ સેવાધર્મમાં પણ જ્યાં સુધી પોતાના મન, વચન અને કાયાથી સેવાનો સંબંધ છે ત્યાંસુધી કંઇ કોડી-પૈસાની જરૂરત નથી પડતી. જ્યાં સેવાને માટે બીજા સાધનોથી કામ લેવામાં આવે છે ત્યાં જ તેની જરૂરત પડે છે અને એ પ્રકારે એ સ્પષ્ટ છે કે અધિકાંશ સેવાધર્મના અનુષ્ઠાનને માટે મનુષ્યને પૈસા-ટકાની જરૂરત નથી; જરૂર છે પોતાની ચિત્તવૃત્તિ અને લક્ષ્યને શુદ્ધ કરવાની, જેના વિના સેવાધર્મ બનતો નથી.

એ પ્રકારે સેવાધર્મનું એ સંક્ષિપ્તરૂપ વિવેચન અથવા દિગ્દર્શન છે, જેમાં સર્વ ધર્મોનો સમાવેશ હોય છે. આશા છે કે આ પાઠકોને રુચિકર થશે અને તે તેના ફલસ્વરૂપ પોતાના લક્ષ્યને શુદ્ધ બનાવીને લોકસેવા કરવામાં અધિકાધિક રૂપે દત્તચિત્ત રહે.

( અનુવાદ : ઉદ્ધરિત " અનેકાંત " )

## અહિંસાની અગત્યતા

**જેમ** આપણુને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે, તેમ બીજા જીવોને પણ છે, એમ વિચારી, પોતાને અનિષ્ટ લાગતી હિંસા બીજા પ્રત્યે ન આચરવી.

પોતાને દાભ વાગી જાય તો પણ જે બૂમો પાડી ઊઠે છે તેવો મનુષ્ય તીક્ષ્ણ શસ્ત્રોથી નિરપરાધી પ્રાણીઓને શા રીતે મારી શકે છે ?

કોઇને ' તું મરી જા ' એટલું કહીએ છીએ તો પણ તેને દુઃખ લાગે છે; તો પછી તીક્ષ્ણ શસ્ત્રોથી મારી જ નાખવામાં આવે ત્યારે તેને શું થતું હશે ?

પ્રાણી જીવિતની આશાએ રાજ્ય પણ આપી દેવા તૈયાર થાય છે, તો પછી તેવા જીવિતનો વધ કરવાથી થતું પાપ આખી પૃથ્વી દાનમાં આપી દે તો પણ ધોવાય ખરું ?

—યોગશાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક : શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

[ ગતાંક પૃષ્ઠ ૧૫૪ થી શરૂ ]

## [ અવાન્તર સમ્યગ્દર્શનસ્વરૂપ ]

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે કહેલા યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્ત નામના ત્રણ કરણો પૈકી ક્રમશઃ છેલ્લા અનિવૃત્તિકરણમાં આવેલો ભવ્યાત્મા અનિવૃત્તિકરણનો એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ' અંતરકરણ ' કરે છે ઇત્યાદિ સ્વરૂપ આગળ બતાવી ગયા બાદ હવે બાકી રહેલા અનિવૃત્તિકરણના એક સંખ્યાતમા ભાગમાં **આગાલ ઉદીરણા,** સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ત્રિપુંજકરણ ઇત્યાદિ ક્રિયાઓ કેવી રીતે ચાલે છે તે અહિં સંક્ષેપથી કહેવાય છે. અપૂર્વકરણમાં સ્થિતિઘાત, રસઘાતાદિ જે ક્રિયાઓ ચાલુ હતી તે અહિં સવિશેષપણે ચાલે છે જે વાત અગાઉ પણ જણાવી છે. અનિવૃત્તિકરણના એક સંખ્યાતમા ભાગમાં રહેલા મિથ્યાત્વ દલિકોનો, અનુભવ કરતા કરતા તે પ્રથમ ભાગ જ્યારે ફક્ત બે આવલિકા જેટલો બાકી રહે ત્યારે આગાલ (નામની ઉદીરણા ) બંધ પડે છે, સાથે સાથે અત્યાર સુધી જે ગુણશ્રેણિ ચાલુ હતી તે પણ હવે પ્રવર્ત્તતી નથી, પરંતુ સ્થિતિઘાત, રસઘાત અને ઉદીરણા ચાલુ હોય છે, તે પણ ત્યાં સુધી જ ચાલે કે જ્યાં સુધી પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે. જ્યારે તે મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ એક આવલિકા જેટલી અવશેષ રહે ત્યારે સ્થિતિઘાત, રસઘાત અને ઉદીરણા પણ બંધ થાય છે. સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિનું સ્વરૂપ અપૂર્વકરણ પ્રસંગે કહેવાયું છે, પરંતુ આગાલ તથા ઉદીરણાનું સ્વરૂપ નહિં કહેવાયેલું હોવાથી અહિં ટુંકાણમાં જણાવાય છે.—

### આગાલ તથા ઉદીરણામાં તફાવત—

**આગાલ**—અંતરકરણદ્વારા મિથ્યાત્વની સ્થિતિના જે પ્રથમ સ્થિતિ અને દ્વિતીય સ્થિતિ એવા બે વિભાગો થયા છે તે પૈકી દ્વિતીય સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોને પ્રથમ સ્થિતિ કે જેનો ભોગવટો અર્થાત્ ઉદય વર્ત્તમાનમાં ચાલુ છે તે પ્રથમ સ્થિતિની ઉદયાવલિકામાં નાખી તેના વિપાકનું વેદન કરવું તેનું નામ **આગાલ** છે, અને પ્રથમ સ્થિતિગત ઉદયાવલિકા બહારના દલિકોને ઉદયાવલિકામાં નાખી ભોગવવા તેનું નામ ઉદીરણા છે. વસ્તુતઃ આગાલ એ પણ એક જાતની ઉદીરણા જ છે, ફક્ત અંતરકરણવડે મિથ્યાત્વની સ્થિતિના ઉપર જણાવી ગયા તે પ્રમાણે બે વિભાગ થયેલા હોવાથી પ્રથમ સ્થિતિગત ઉદયાવલિકા બહિર્ભૂત દલિકોનો ઉદયાવલિકામાં પ્રક્ષેપ કરવો તેનું નામ ' ઉદીરણા ' આપવામાં આવ્યું અને દ્વિતીય સ્થિતિગત દલિકોને ઉદયાવલિકામાં જે પ્રક્ષેપવા તેનું નામ પૂર્વમહર્ષિઓએ ' આગાલ ' આપ્યું. આગાલ પ્રથમ સ્થિતિની બે આવલિકા અવશિષ્ટ રહે ત્યાં સુધી પ્રવર્ત્તે છે અને ઉદીરણા પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ચાલુ રહે છે.

### ત્રિપુંજીકરણ—

આ પ્રમાણે આગાલ–ઉદીરણાદિ કાર્યો કરતો કરતો આત્મા અનિવૃત્તિકરણના છેલ્લા સમયે આવી પહોંચે છે. એ છેલ્લા સમય સુધી આત્મા મિથ્યાદૃષ્ટિ ગણાય છે, કારણ કે ત્યાં મિથ્યાત્વના દલિકોનું વેદન છે. અને જ્યાં સુધી મિથ્યાત્વના દલિકોનો અમુક અંશ પણ મિથ્યાત્વરૂપે ઉદયમાં વર્ત્તતો હોય ત્યાં સુધી ભલે અનન્તર સમયમાં તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો પણ તે મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે. અનિવૃત્તિના છેલ્લા સમયમાં વર્તતો આત્મા મિથ્યાત્વની દ્વિતીય સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોને ત્રણ વિભાગમાં વહેંચી નાખવાના કાર્યનો પ્રારંભ કરે છે, જેને **ત્રિપુંજકરણ** કહેવાય છે. અર્થાત્ પ્રથમ સ્થિતિના તો સર્વ મિથ્યાત્વદલિકો ભોગવાઇ ગયા છે, પરંતુ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ ઉપરપ્રદેશ બાદ રહેલી અંતઃકોડાકોડી પ્રમાણ દ્વિતીય સ્થિતિગત દલિકો કે જે જિનેશ્વર પ્રતિપાદિત સિધ્ધાન્તો ઉપર યથાર્થ રુચિ ઉત્પન્ન કરાવવામાં બાધકભૂત મિથ્યાત્વરસથી ભરેલા છે તે દલિકોના ત્રણ વિભાગ પાડવાના કાર્યનો પ્રારંભ અનિવૃત્તિકરણના છેલ્લા સમયથી શરૂ થાય છે. જેમાં પ્રથમ વિભાગનું નામ શુધ્ધપુંજ એટલે કે **સમ્યક્ત્વમોહનીય**, બીજા વિભાગનું નામ અર્ધશુદ્ધપુંજ એટલે કે **મિશ્રમોહનીય** અને ત્રીજો અશુધ્ધપુંજ એટલે કે **મિથ્યાત્વમોહનીય**. મીણો પાયેલા કોદરા જે વખતે વાપરવાના ઉપયોગમાં લેવા હોય તે વખતે તેને શુધ્ધ કરવામાં આવે છે. એ શુધ્ધિ કરતી વખતે જો શુદ્ધિ કરનાર બરાબર ધ્યાન ન રાખે તો જેમ અમુક કોદરા શુધ્ધ થાય, અમુક વિભાગ અધકચરો રહે અને અમુક કોદરા તો તેવા ને તેવા જ મીણાવાળા રહે તે પ્રમાણે આત્મશુધ્ધિ કરવા માટે તૈયાર થયેલા આત્માને જ્યાં સુધી ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા યોગ્ય વિશુદ્ધિજન્ય આત્મિક બલ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ન્યૂનાધિકપણે મિથ્યાત્વના દલિકોમાં પણ ઉપર જણાવ્યા મુજબ ત્રણ વિભાગો થયા કરે છે. જે માટે કહ્યું છે કે–

**चरमसमयं मिच्छदिट्ठी से काले उवसमसम्मदिट्ठी होहीइ, ताहे बिइयठिइं तिहाणुभागं करेइ, तं जहा–सम्मतं, सम्मामिच्छत्तं, मिच्छतं चेति ॥**

**[ कर्मप्रकृतिचूर्णिः ] ॥**

**ભાવાર્થ**:– છેલ્લા સમયમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ કે જે અનન્તર સમયમાં ઉપશમસમ્યગ્દૃષ્ટિ થવાનો છે તે દ્વિતીય સ્થિતિગત દલિકોને ત્રણ પ્રકારના રસવાળા બનાવે છે, તે આ પ્રમાણે- સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ.

## કર્મગ્રન્થકાર અને સિદ્ધાન્તકારની માન્યતામાં ભેદ—

શ્રી કર્મપ્રકૃતિ તથા તેની ચૂર્ણિના મત પ્રમાણે અનિવૃતિકરણના અંતિમ સમયે ત્રિપુંજકરણનો વિધિ ઉપર બતાવ્યો, પરંતુ શતકચૂર્ણિ વિગેરે ગ્રન્થકારો એ બાબતમાં કાંઇક જુદું પ્રતિપાદન કરે છે. તે મહર્ષિઓ અનિવૃત્તિકરણના છેલ્લા સમયે ત્રિપુંજીકરણ માનતા નથી, પરંતુ ઉપશમસમ્યગ્દર્શનની પ્રાપ્તિના પ્રથમ સમયથી જ ત્રિપુંજીકરણનો પ્રારંભ માને છે, અર્થાત્ શતકચૂર્ણિકાર અને કર્મપ્રકૃતિકાર બન્નેના મન્તવ્યોમાં એક સમયનું અંતર રહે છે. કર્મપ્રકૃતિચૂર્ણિકારના મતે સમ્યગ્દર્શનાદિ વિશિષ્ટ ગુણની ગેરહાજરીમાં પણ સમ્યગ્દર્શનના સન્મુખપણાને અંગે અનિવૃત્તિકરણજન્ય વિશુધ્ધિના પ્રભાવથી ત્રિપુંજકરણ થતું હોય તેમ સમજાય છે, જ્યારે શતકચૂર્ણિકારના મત પ્રમાણે કોદરાના મીણાને દૂર કરવા માટે જેમ છાણનો ઉપયોગ થવો આવશ્યક છે તે પ્રમાણે મિથ્યાદર્શનના અશુધ્ધ પુદ્ગલોને શુધ્ધ-અર્ધશુધ્ધ કરવા માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ખાસ જરૂરી માનેલ હોય તો તે પણ બરાબર લાગે છે. બન્ને વિચારોનું ખરું તત્ત્વ કેવલીભગવંત જાણે. કર્મપ્રકૃતિચૂર્ણિના મત સંબંધી પાઠ ઉપર આપ્યો છે, શતકચૂર્ણિનો પાઠ આ પ્રમાણે– **“ पढमं सम्मत्तं उप्पाडितो तिण्णि करणाणि करेउं उवसमसम्मत्तं पडिवण्णो मिच्छत्तदलियं तिपुंजी करेइ, सुद्धं मीसं असुद्धं चेति ॥ ”** [ **शतकचूर्णिः** ] આનો ભાવાર્થ સ્પષ્ટ જ છે.

## ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ—

અનિવૃત્તિકરણનો અંતિમ સમય પૂર્ણ થયે આત્મા ઓપશમિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિવૃત્તિના અંતિમ સમય સુધી મિથ્યાત્વના દલિકોનું વેદન હોવાથી સમ્યગ્દર્શન સન્મુખ થયેલો આત્મા પણ હજુ મિથ્યાદૃષ્ટિ અર્થાત્ પ્રથમ ગુણસ્થાનમાં રહેલો જ માનવાનો છે. જે સમયે આત્મા ઔપશમિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે તે અવસરે તે આત્માને નિરવધિ આત્મિક આનંદ પ્રાપ્ત થાય છે. સેનાધિપતિ દુર્જય શત્રુસમૂહને જીતીને અત્યંત હર્ષોલ્લાસવાળો જેમ થાય તે પ્રમાણે સંસારી જીવો પણ આ પ્રસંગે અપૂર્વ વીર્યોલ્લાસવાળા હોવાથી મહાસેનાધિપતિ જેવા બનીને પોતાને સંસારચક્રમાં અનંતા કાલપર્યંત પરિભ્રમણ કરાવનાર અને એથી જ ખરા શત્રુભૂત મિથ્યાત્વ-રિપુને જીતી અતિશય આત્મિક આનંદ પામે છે.

આ બીનામાંથી આપણને એ પણ અપૂર્વ બોધ મળે છે કે-આત્માના ખરા શત્રુઓ આઠ કર્મો છે, તે આઠે કર્મોમાં પણ દુર્જય શત્ર મોહનીય છે અને તેમાં પણ મિથ્યાત્વ એ મુખ્ય છે, જેમ વિજય મેળવવાની ચાહનાવાળા પુરુષો સમરાંગણમાં શત્રુના સેનાપતિને પ્રથમ હરાવે તો જ સમગ્ર લશ્કરને થોડા વખતમાં હરાવી શકે છે, તે પ્રમાણે કર્મમહારાજા સાથેના યુધ્ધમાં જેઓ પ્રથમ મિથ્યાત્વ મોહને હરાવે છે તેઓ વધુમાં વધુ અપાર્ધપુદ્ગલ જેટલા કાળમાં સમગ્ર કર્મ-શત્રુને ઝંઝેરી નાખી સંપૂર્ણ આત્મિક સામ્રાજ્ય પ્રાપ્ત કરી શકે છે. આ જ કારણને લઇને શરૂઆતમાં મિથ્યાત્વ મોહનો પરાજય કરવા માટે આત્મવીર્ય ફેરવવાપૂર્વક ઘણી જ એકાગ્રતા રાખવાની જરૂર પડે છે, જે આપણે સમ્યગ્દર્શન-ની પ્રાપ્તિ માટે અત્યાર સુધી જણાવેલ ક્રમ પ્રસંગે વિચારી ગયા છીએ. આ અભ્યંતર શત્રુઓ જેટલી આપણી ખરાબી કરે છે તેટલી ખરાબી બાહ્ય શત્રુઓ કરતા નથી અને કરવાને સમર્થ પણ નથી. બાહ્ય શત્રુએ ચાલુ વિનશ્વર સુખના સાધનોને જ્યારે બગાડે છે ત્યારે અભ્યંતર શત્રુઓ આત્માની અખૂટ અને અવિનાશિની સમ્યગ્દર્શનાદિ ભાવ-લક્ષ્મીને બગાડે છે. આ પરિસ્થિતિને આત્મભાવ સાથે યથાર્થ ઓતપ્રોત કરનારા સાચા મહાત્માઓ બાહ્ય શત્રુઓના જુલ્મો તરફ કદાપિ લક્ષ્ય રાખતા જ નથી. પરમાત્મા મહાવીર વિભુને ગોશાલાએ, ગોવાળીઆઓએ તથા સંગમ,શૂલપાણિ જેવા અધમ આત્માઓએ ઘણા ય ઉપસર્ગો કયા છતાં તે તરફ અનંત શક્તિ-સંપન્ન પરમાત્માએ ધ્યાન તો ન આપ્યું, ઊલટું તે પરમતારક પરમાત્માએ તે પામર આત્માની ભાવદયા ચિંતવી અને ગોશાલાને તો તેજોલેશ્યાના પ્રસંગમાં પણ શીતલેશ્યા મૂકીને બચાવ્યો. આ અનુપમ પ્રસંગ આપણને સાફ માર્ગદર્શન કરાવે છે કે જો તમો ખરેખરા ધર્મવાસનાવાળા હો અથવા તેવા થવાને ચાહતા હો તો તમારું બગાડનાર--તમારા તરફ વિપરીત દૃષ્ટિએ જોનારને પણ તમે ઉપકારની દૃષ્ટિએ દેખજો અને તેના સંરક્ષણમાં યથાશક્તિ ફાળો અર્પણ કરજો. નિરપરાધી જીવોને બચાવનારા તો દુનિયામાં ઘણા ય આત્માઓ છે, પરંતુ ખરું સમ્યગ્દૃષ્ટિપણું સાપરાધી આત્માઓ ઉપર ભાવદયારૂપી અમૃતનો ધોધ વરસાવી તેને બચાવવામાં જ જ્ઞાની મહર્ષિઓએ કહેલ છે.

## ઔપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ –

ઔપશમિક સમ્યક્ત્વ એક આત્મિક સમ્યગ્દર્શન છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ પ્રકારના સમ્યક્ત્વમાં ક્ષયોપશમ સમ્યક્ત્વ એ પૌદ્ગલિક ભાવનું છે, જ્યારે ક્ષાયિક તથા ઉપશમ બન્ને આત્મિક ભાવના છે, જે વસ્તુ સમ્યગ્દર્શનના ભેદ પ્રસંગે કહેવામાં આવશે. અહિં તો આપણે એટલો જ ખ્યાલ રાખવાનો છે કે અનાદિ મિથ્યાદૃષ્ટિ સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં ઉપર જણાવેલ ક્રમ પ્રમાણે ઔપશમિક સમ્યગ્દર્શન જ્યારે સર્વથી પ્રથમ પ્રાપ્ત કરે છે તે અવસરે અનન્તાનુબન્ધી ક્રોધ, માન, માયા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભ તેમ જ મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યકૃત્વમોહનીય આ સાત પ્રકૃતિઓ( કે જેને દર્શનસપ્તક કહેવામાં આવે છે તે )ને પ્રદેશોદય તેમજ વિપાકોદય હોઇ શકતો નથી. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવો સર્વથી પ્રથમ એૌપશમિક સમ્યકૃત્વ જ પ્રાપ્ત કરે એવું અત્યાર સુધીનું જે કથન છે તે તેમ જ 'ઉપશમ સમ્યકૃત્વનો અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ પૂર્ણ થયા બાદ' ( અનિવૃત્તિકરણના અંતિમ સમયે અથવા મતાન્તરે ઉપશમપ્રાપ્તિના પ્રથમ સમયે ત્રણ પુંજ કરેલા હોવાથી ) મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ અથવા ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ આ ત્રણમાંથી કોઇપણ એક અવસ્થા પ્રાપ્ત કરી શકે છે, જે માટે કહ્યું છે કે—

**कम्मगंथेसु धुवं, पढमो वसमी करेइ पुंजतिअं।**
**तव्वडिओ पुण गच्छइ,मस्मे मीसंमि मिच्छे वा ॥१॥**

**ભાવાર્થ:**—પહેલી વાર ઔપશમિક સમ્યકૃત્વ પામેલો ભવ્ય જીવ ત્રણ પુંજની ક્રિયા કરે છે અને તે ઔપશમિક સમ્યકૃત્વથી પાછો વળેલો ભવ્ય જીવ (ક્ષયોપશમ) સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે, મિશ્રગુણસ્થાનકે અથવા મિથ્યાત્વગુણસ્થાનકે જાય છે. ૧. આ બન્ને મન્તવ્યો કર્મગ્રન્થકારના મતે સમજવાના છે.

## કર્મગ્રન્થકાર અને સિદ્ધાન્તકારના મંતવ્યો—

**પ્રશ્ન:**—જ્યારે તમો 'કર્મગ્રન્થકારના મતે અનાદિ મિથ્યાદૃષ્ટિ સર્વથી પ્રથમ ઔપશમિક સમ્યકૃત્વ પ્રાપ્ત કરે' તેમ જણાવો છો તો જિનશાસનમાં શું બીજો કોઇ પ્રામાણિક મત છે? અને હોય તો તે મતવાળા સર્વથી પ્રથમ કયું સમ્યકૃત્વ માનવાવાળા છે?

**ઉત્તર**—અમુક અમુક બાબતોમાં કર્મગ્રન્થકાર અને સિધ્ધાન્તકાર એવા બે પક્ષો છે અને તીર્થંકર મહારાજા, કેવલી મહારાજા, મન:પર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની, તેમ જ પૂર્વધર મહર્ષિ પ્રમુખ વિશિષ્ટ શ્રુતજ્ઞાની મહાપુરુષોનો વર્ત્તમાનમાં વિરહકાળ હોવાથી એ બન્ને મતો પ્રામાણિક તરીકે માનવા લાયક છે. ભગવાન્ દેવર્ધ્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજા પર્યંત લગભગ સમગ્ર શ્રુત ગ્રન્થો સાધુઓને કંઠસ્થ હતા, પરંતુ કાળબળની વિષમતાને અંગે તેમાં મન્દતા થવા લાગી. ભવિષ્યના જીવોના કલ્યાણને અર્થે તે અવસરે વર્ત્તતા સમર્થ ગીતાર્થ પુરુષો વલ્લભીપુર (વળા) અને મથુરામાં એકત્ર થયા. વલ્લભીપુરમાં એકત્ર થયેલા મહાત્માઓએ કંઠસ્થ રહેલા શ્રુતનું પરસ્પર મિલન કરી સર્વ સિધ્ધાન્તોને વલ્લભીપુરમાં પુસ્તકારૂઢ કર્યાં, અને મથુરામાં ભેગા થયેલા સ્કંદિલાચાર્ય પ્રમુખ આચાર્યભગવંતોએ પણ તે જ પ્રમાણે સર્વાનુમતે આગમાદિ ગ્રન્થોને મથુરામાં પુસ્તકારૂઢ બનાવ્યા. વલ્લભીવાચના અને માથુરીવાચના તરીકે આજે જે ભેદો પ્રસિધ્ધ છે તે આ હેતુથી જ છે. બન્ને જુદા જુદા સ્થળોમાં એકત્ર થયેલા ગીતાર્થ મહર્ષિઓ પૈકી જે સ્થલે જે ભેગા થયા તેઓને તો સર્વસંમત થવાનો પ્રસંગ મળ્યો, પરંતુ બન્ને સ્થળોમાં થયેલા અમુક ભિન્ન નિર્ણયો પુન: તે બન્ને સમુદાયને ભેગા થવાના પ્રસંગના અભાવે કાયમ રહ્યા હોય અને તેને અંગે કર્મગ્રન્થકાર, સિધ્ધાન્તકાર એવા પક્ષો છતાં તેને કેવલી વિગેરે વિશિષ્ટ જ્ઞાનીઓના અભાવે પ્રામાણિક તરીકે સ્વીકારવામાં આવ્યા હોય તો તે સંભવિત છે. તાત્પર્ય એ થયું કે કર્મગ્રન્થકાર અને સિધ્ધાન્તકાર એ બન્ને પ્રામાણિક મતો શ્રી જિનશાસનમાં છે અને તે બન્ને માન્ય કરવા લાયક છે. કર્મગ્રન્થકારનો મત જણાવ્યો, હવે સિધ્ધાન્તકારનો મત જણાવાય છે.

સિધ્ધાન્તકારના "અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્યાત્મા સર્વથી પ્રથમ ઉપશમ સમ્યકૃત્વ જ પામે" એવું માનતા નથી. તેમના મતે કોઇક અનાદિ મિથ્યાદૃષ્ટિ પ્રબલ વીર્યોલ્લાસવાળો હોય અને વીર્યોલ્લાસના પ્રભાવે અપૂર્વકરણમાં જ ત્રણ પુંજ થઇ જાય તો ઉપશમની પ્રાપ્તિ સિવાય પણ સર્વપ્રથમ ક્ષયો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશમની પ્રાપ્તિ થવાનું માને છે, જે માટે શ્રી બૃહત્કલ્પમાં આ પ્રમાણે કહ્યું છે.—

" इयमत्र भावना-द्विविधस्तत्प्रथमतया सम्यग्दर्शनप्रतिपत्ता, अतिविशुद्धो मन्दविशुद्धश्च, तत्र योऽतिशुद्धः सोऽपूर्वकरणमारूढो मिथ्यात्वं पुञ्जीकरोति, कृत्वा च अनिवृत्तिकरणे प्रविष्टः तत्प्रथमतया क्षायोपशमिकं दर्शनमासादयति, सम्यक्त्वपुञ्जोदयात् । यस्तु मन्दविशुद्धः सोऽपूर्वकरणमध्यारूढस्तीव्राध्यवसायाभावाद् न मिथ्यात्वं त्रिपुञ्जीकर्तुमलम्, ततोऽनिवृत्तिकरणमुपागतोऽन्तरकरणं कृत्वा तत्र प्रविष्टः तत्प्रथमतया औपशमिकसम्यग्दर्शनमनुभवति, अन्तरकरणं च अन्तर्मुहूर्त्तप्रमाणम्, एतस्य वा क्षये अन्येषां पुद्गलानामुदयतो मिथ्यात्वमेति । "

**ભાવાર્થ**:—" સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર આત્માઓ બે પ્રકારના છે: અતિવિશુદ્ધ અને મન્દવિશુદ્ધ. તેમાં જે અતિવિશુધ્ધ હોય તે અપૂર્વકરણમાં દાખલ થયો છતાં મિથ્યાત્વના ત્રણ પુંજ કરે છે, કરીને અનિવૃત્તિકરણમાં દાખલ થવાની સાથે જ પ્રથમ સમયથી જ શુધ્ધ સમ્યક્ત્વમોહનીય પુંજના ઉદયથી ક્ષયોપશમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. જે મન્દવિશુદ્ધિવાળો છે તે અપૂર્વકરણમાં દાખલ થવા છતાં મન્દવિશુધ્ધિવાળો હોવાથી મિથ્યાત્વના ત્રણ પુંજ કરી શકતો નથી, તેથી અનિવૃત્તિકરણમાં દાખલ થઇને અન્તરકરણ કરવાપૂર્વક તેમાં દાખલ થવા સાથે જ અન્તરકરણના પ્રથમ સમયથી ઔપશમિક સમ્યક્ત્વનો અનુભવ કરે છે. અન્તરકરણ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનું છે, એ અન્તરકરણનું પ્રમાણ પૂર્ણ થતાં પુનઃ મિથ્યાત્વમોહનીયના ઉદયથી આત્મા મિથ્યાત્વ ગુણઠાણે ચાલ્યો જાય છે. " (અપૂર્ણ)

## આપણો ભાગ્યવિધાતા કોણ?

A person himself is the author of his fate. As he does, so he forges his fate. God does exist; but He is not responsible for the acts of men. To make or mar one's life depends on oneself.

**પ્રાણી પોતે જ પોતાના ભાગ્યનો સ્રષ્ટા છે. જેવાં કામ તે કરે છે તેવું પોતાનું ભાગ્ય સર્જે છે. ઇશ્વર, પરમેશ્વર છે, પણ તે આપણે ભાગ્યસ્રષ્ટા કે વિધાતા નથી. પોતાનું જીવન પોતે જ, પોતાને હાથે જ સાધવાનું છે.**

—ભગવાન મહાવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતર તૂટે કેવા પ્રકારે ?

લેખક ચોકસી

યોગીરાજ આનંદઘનજી આત્માની ત્રણ અવસ્થાઓ બતાવીને આગળ વધતાં પરાત્મભાવ અને સામાન્ય આત્મભાવ વચ્ચે જે અંતર પડ્યું છે એ કેવા પ્રકારે કાપી શકાય એની વિચારણા છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુના સ્તવનમાં ચલાવે છે.

પદ્મ યાને કમળનો સ્વભાવ કાદવમાં ઉત્પન્ન થવાનો છે, જળથી એ વૃદ્ધિ પામે છે; છતાં આખરી દશા તરફ મીંટ માંડીશું તો જણાશે કે એ કાદવ અને એ પાણીને છોડી દઇ, તે જળની સપાટી પર શોભી રહ્યું હોય છે. પદ્મપ્રભુ પણ ભોગરૂપી કાદવમાં ઉપજ્યા, સાંસારિક વિલાસોરૂપી જળથી વૃદ્ધિ પામ્યા; છતાં એ સર્વને લાત મારી પંકજવત્ ચૌદ રાજલોકની સપાટી પર વિરાજમાન થયા. તેઓ પોતાના ઉદાહરણથી જ બતાવી રહ્યા છે કે પ્રત્યેક આત્મા ધારે તો આ સ્થિતિ પ્રગટાવી શકે છે. આત્મા સંકલ્પબળ કેળવે તો પરમાત્મપદ દૂર નથી. જૈનદર્શનમાં વૈકુંઠવાસનો ઇજારો નથી અપાયો.

મંગળાચરણ કરતાં પૂર્વે અંતર પાડવામાં અગ્રભાગ ભજવનાર જે કર્મપ્રકૃતિ છે એનો બરાબર પરિચય કરવો જરૂરી છે. એનો પૂર્ણપણે અભ્યાસ કરી જ્યાં એનો સામનો કરવાનો નિરધાર કર્યો કે અંતર તૂટ્યું જ સમજી લેવું.

**'કરમ વિપાકે કારણ જોઇને રે, કોઇ કહે મતિમંત'** એ ગાથાથી શરૂઆત કરતાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ ચંડાળ ચોકડી જ એ અંતરના મૂળ કારણરૂપ છે એમ પુરવાર કરે છે. એનો વિસ્તાર— (૧) પ્રકૃતિ અને સ્વભાવ, (૨) સ્થિતિ યાને કાળ-મર્યાદા, (૩) અનુરાગ કહેતાં રસની તીવ્રતા-ન્યૂનતા અને (૪) પ્રદેશ એટલે કર્મના દળીયાનો સંગ્રહ—એ રૂપ ચાર પ્રકારનો બંધ છે. તે વડે વધવા માંડે છે. જ્ઞાનાવરણીય આદિ કર્મની જે આઠ મૂળ-પ્રકૃતિ છે તેનો વંશ-વેલો વટવૃક્ષની વડવાઇ માફક લંબાતો લંબાતો એક સો ને અઠાવન સુધી પહોંચે છે. વડવાઇઓ અરસપરસ વીંટળાય છે, જમીન ભેગી થાય છે ને પુનઃ એમાંથી ફણગા-રૂપે અવતાર ધારણ કરે છે તેમ આ કર્મરૂપ ઝાડ પણ બંધ–ઉદય–ઉદીરણા અને સત્તારૂપ વેલાઓથી વીંટાય છે. અને વેલાઓમાં જેમ લાંબા-ટૂંકાની, જાડા-પાતળાની, ઊંચા-નીચાની વિવિધતા હોય તેમ આ પ્રકૃતિઓમાં પણ આશ્ચર્ય પમાડે તેવું વૈવિધ્ય ઉદ્ભવે છે. કોઈ ધ્રુવબંધી તો કોઇ વળી ભવવિપાકી, કોઇ દેશઘાતી તો બીજી વળી સર્વઘાતી. આનો સંપૂર્ણ વિસ્તાર સમજવા સારુ કર્મગ્રંથના પાના ફેરવવા ઘટે.

કૃતનિશ્ચયી આત્મા—જેણે પદ્મપ્રભુની માફક પદ્મ સમી કાયમી શોભા મેળવવાનો નિરધાર કર્યો છે તે કર્મગ્રંથના ઉપર વર્ણવ્યા વંશ-વિસ્તારથી રંચ માત્ર મુંઝાયા વિના—યથાર્થ રીતે એના અવગાહનમાં—રંગબેરંગી મંથનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવશ્ય નિડરતાથી કૂચ–કદમ ચાલુ રાખવાનો. એ પ્રયાસમાં નવનીતરૂપ જે સત્ત્વ લાભવાનું છે તે નિમ્ન ગાથામાં સંગ્રહિત કરાયેલું છે.

"કનકોપલવત્ પયડિ પુરુષતણી રે,
જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે,
સંસારી કહેવાય. ( ૩ )
કારણ જોગે હો બંધે બંધને રે,
કારણ મુગતિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે,
હેય ઉપાદેય સુણાય." ( ૪ )

કર્મ કોણે કર્યાં, કયાંથી આવ્યા, શરૂઆત કયાંથી થઇ? ઇત્યાદિ ભ્રમણામાં અટવાયા વિના એક વાત અવધારી લે કે અનાદિ કાળથી આત્મા સાથે કર્મનો સંબંધ, ખાણમાં સોના સાથે જેમ માટીનો સંબંધ હોય છે તેમ, સ્વાભાવિક છે. અને આત્મા જયાં લગી અન્ય કહેતા બહારના પૌદ્ગલિક ભાવમાં રમ્યા કરશે ત્યાં લગી એ સંબંધ રહેવાનો છે જ. બહારની જંજાળમાંથી પાછો હઠી જ્યારે આત્મા પોતાનું મૂળ સ્વરૂપ વિચારવા માંડશે ત્યારે જ સંસારભ્રમણ ઓછું થવાનું છે. એ વેળા એને સમજાશે કે મિથ્યાત્વાદિ ચાર કારણોવડે જ સંસારવૃદ્ધિ થયા કરે છે અને સમ્યક્ત્વ, વિરતિ, અકષાય અને અયોગરૂપ દશામાં જેટલી પ્રગતિ એટલી સંસારસ્થિતિની ન્યૂનતા થવાની. શાસ્ત્રમાં એ ક્રિયાઓ આશ્રવ અને સંવરના નામથી ઓળખાય છે. એમાં જેનું નામ આશ્રવ છે અર્થાત્ જેના વડે સંસારનો લાભ થાય છે એ વૃત્તી તજવાની છે અને સંવર કે જે આત્માને મુક્ત બનાવવામાં સ્હાયક છે એ વૃત્તિ આદરવાની છે.

જે કારણથી આત્મા કર્મ સાથે જોડાય અને યુંજનકારણ કહેવાય તે યુંજનકારણ જો ચાલુ રહે તો અંતર વધતું જ જાય, એટલે અંતર ઓછું કરવા સારુ જ્ઞાનકરણ-દ્વારા આત્માનું મૂળ સ્વરૂપ બરાબર અવધારી લઇ, એ પરના કર્માવરણો જેમ જલ્દી ખંખેરી શકાય એ માટે ત્રીજા ગુણકરણમાં અર્થાત્ એ સ્થિતિ તરફ દોરી જતી ક્રિયાઓમાં પ્રવૃત્ત થવાનું છે. એટલે જ આશ્રવ દ્વાર પર સખત ચોકીપહેરો મૂકી, સંવરરૂપ મશાલ લઇ, દેહરૂપી ઘરમાં ખૂણેખાંચરે ભરાઇ રહેલ કર્મ–તસ્કરોને પકડી પાડી–કાંડું ઝાલી બહાર ધકેલી દેવાના છે. આમ ગુણકરણમાં સમાયેલ અપૂર્વ શક્તિનું યથાર્થ ભાન થાય અને એ અમલી બને તો અંતરને ઓગળતા ઝાઝો વિલંબ ન સંભવે.

આ વસ્તુનિશ્ચયના બળે તો યોગીરાજ ઉચ્ચારે છે કે—

"તુઝ મુઝ અંતર અંતર ભાજશે રે,
વાજશે મંગળ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે,
આનંદઘન રસપૂર."

પ્રત્યેક વિચારક જો શ્રીમદ્ આનંદઘનજી જેટલી શ્રદ્ધા ધરાવતો હોય તો જરૂર ગાઇ શકે-નિઃશંક હૃદયે કહી શકે કે–હે પ્રદ્મપ્રભુ! હું પણ જ્યારે ગુણકરણમાં ડગ ભરવા શરૂ કરીશ ત્યારે ધ્યાતા ને ધ્યેય વચ્ચેનું અંતર અગ્નિ પર મીણ ઓગળવા માંડે તેમ ઓગળશે; અને સ્વરૂપ–પ્રાપ્તિના હર્ષ–સૂચક માંગલિક વાજીંત્ર વાગશે. કેવળજ્ઞાન ને કેવળદર્શનના પ્રતાપથી સચરાચર વિશ્વના યથાર્થ દર્શન થતાં જે આહ્‌લાદરૂપ રસ ઉપજશે અને તેથી શુષ્ક બનેલું એવું જીવરૂપ સરોવર અનંત–જ્ઞાન સમા વારિથી કલ્લોલ કરતું બની જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિ શ્રી હરિચંદ્રવિરચિત

# ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય

સમશ્લોકી અનુવાદ (સટીક)

( ગતાંક પૃષ્ઠ ૧૫૦ થી શરૂ )

## રત્નપુર વર્ણન-

ઉપજાતિ.

છે પુર ત્યાં રત્નપુરાભિધાન—
જ્યાં દ્વારનું તોરણુ મધ્ય સ્થાન;
અલંકરે છે રવિ અશ્વપંક્તિ,
કદીય ઇન્દીવરમાલ ભાંતિ. ૫૬

સૌ લોક મુક્તામય જ્યાં સુભાગી,
સ્ત્રીઓ બધી છે નવપુષ્પરાગી;
શત્રુ શિરે વજ્ર યથાર્થ નામ,
કરી રહ્યો છે નૃપ જેહ ઠામ. ૫૭

આ જાણી ભોગીન્દ્રનું ધામ શેષે,
ખરે જ રક્ષા કરી વપ્ર-વેષે,
તે પાસની દીરઘ દીર્ઘિકા ય,
તેની છૂટી કાંચળી શી કળાય ? ૫૮

## સુમનોનંદની ટીકા

**૫૬.** તે કોશલ દેશમાં રત્નપુર નામનું નગર છે. તેના દરવાજાના મધ્ય સ્થાને સૂર્યની અશ્વપંક્તિ ઇન્દીવરમાલા જેમ શોભાવે છે.-અત્રે ત્યાંના ગોપુરોનું અતિ ઉન્નતિપણું દર્શાવ્યું. **ઉપમા**.

**૫૭.** ત્યાં સર્વ જનો મુક્તામય છે ( **શ્લેષ:** નીરોગી અથવા મોતીના પ્રચુર આભૂષણવાળા ), સ્ત્રીઓ નવપુષ્પરાગી છે ( **શ્લેષ:** નવા પુષ્પરાગમણિ વિશેષ ધારણ કરનારી, અથવા નવાં-તાજાં પુષ્પની રાગી છે ) અને ત્યાંનો રાજા શત્રુઓના શિર પરના વજ્રને યથાર્થ નામવાળું કરી રહ્યો છે ( **વજ્ર-શ્લેષ:** (૧) હીરા, (૨) શસ્ત્રવિશેષ ).

**૫૮.** આ પુરને ભોગીન્દ્રનું ધામ જાણીને ખરેખર ! શેષનાગે કિલ્લાનો વેષ ધારણ કરી રક્ષા કરી છે ! જુઓ, તે કિલ્લાની પાસેની આ લાંબી દીર્ઘિકા તે શેષનાગની છૂટી પડેલી કાંચળી જેવી જણાય છે. **ઉત્પ્રેક્ષા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અ

રત્ને જડી કુટ્ટિમ ભૂમિસ્થાને,
પૌરાંગનાના પ્રતિબિંબ બ્હાને;
આવી શું રૂપામૃત દશ્ય કોડે,
પાતાલકન્યા પડખું ન છોડે ! ૫૯

પ્રાસાદશૃંગે નિશિ સ્ત્રીવિયોગે,
જ્યાં સ્વર્ણ ઈંડાતણી ઉચ્ચ ટોચે;
સ્વર્ગંગના આવી જ ચક્રવાકો,
ભ્રાંતિ બીજા કુંભતણી કરાવે. ૬૦

આકાશચુંબી જસ મંદિરોના,
ધ્વજાગ્રમાં શુભ્ર, પતાક તે ના;
સંઘટ્ટથી કિંતુ શશિ ત્વચા છે,
તેમાં ન તો આ વ્રણ ડાઘ કાં છે ? ૬૧

“ કરી અધો ભોગીપુરી છતાંયે,
અહીનભૂષા થઇ કેમ આ યે ? ”
એ જીતવા કોપથી નાગ ધામે,
જતું શું ખાઇ જલ-છાય બ્હાને ! ૬૨

ભટે વિંટ્યા, સ્રાવત ચંદ્રકાંત,
નૃપાલયે છે જસ બિંબ ક્રાંત;

---

**૫૯.** જ્યાં રત્નજડિત લાદીમાં પડતા નગરનારીઓના પ્રતિબિંબના બ્હાને, પાતાલકન્યાઓ તેઓનું જાણે રૂપ-અમૃત દેખવાની લોલુપતાથી આવીને પડખું છોડતી **નથી** ! **ઉત્પ્રેક્ષા-અપહ્નુતિ.**

**૬૦.** રાત્રે પ્રિયાના વિયોગદુઃખે જ્યાં પ્રાસાદશિખરોના સુવર્ણના ઈંડાની ટોચ પર, સ્વર્ગંગાના ચક્રવાકો આવીને, બીજા સુવર્ણકુંભની ભ્રાંતિ ઉપજાવે છે !—**ભ્રાંતિમાન્ અલંકાર.**

**૬૧.** જેના ગગનચુંબી મંદિરોના ધ્વજોના અગ્રભાગે જે શુભ્ર દેખાય છે, તે પતાકા નથી; પણ એ તો સંઘર્ષણથી ઉતરેલી ચંદ્રની ત્વચા-ચામડી છે. નહિં તો એ ચંદ્રમાં આ વ્રણનો ( જખમનો ) ડાઘ કેમ હોય ?—**અપહ્નુતિ-અલંકાર.**

**૬૨.** ભોગીપુરી-નાગરાજની નગરીને અધો ( નીચી અથવા ઉતરતા પ્રકારની ) કરી છતાં એ અહીનભૂષા ( **શ્લેષ:** અન્યૂન શોભાવાળી અથવા અહિ+ઇન+ભૂષા ફણિપતિની શોભાવાળી ) કેમ થઇ ? એમ ચિંતવીને કોપથી તેને જીતવાને, જે નગરખાઇના જળમાં પડતી છાયાના બ્હાને જાણે નાગલોક પ્રત્યે જતું હોયની ? **ઉત્પ્રેક્ષા.**

**૬૩.** જેણે સુંદરીઓની મુખ-શોભા ચોરી છે એવો ચંદ્રમા, પ્હેરેગીરોથી વીંટાયલા તથા દ્રવતા ચંદ્રકાંત મણિવાળા રાજભુવનમાં પ્રતિબિંબ પડતાં, કારાગૃહમાં પડી જાણે રૂદન કરી રહ્યો છે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખશ્રી જેણે હરી સુદશોની,
તે ચંદ્ર બંદી શું રડી રહ્યોની ! ૬૩

તારા પ્રતિબિંબ પડંત જ્યાં તે,
એવી મણિ-કુટ્ટિમ ભૂમિ રાતે;
જેની ભૂતિ ચિત્ર નિહાળવાને,
કુતૂહલે ફાડતી આંખ જાણે ! ૬૪

દગ્ નિર્નિમેષા સુરની પડંતી,
દોષાર્થ મા હો ! ઇમ રાત્રિ ચિંતી;
ને આરતીપાત્ર શું ચંદ્ર ત્યારે,
જે સ્વર્ભુજેતા શિર પેં ઉતારે. ૬૫

બળી રહેલા અગુરુ ધૂમાડે,
થતાં નભ વ્યાપ્ત ઘનાન્ધકારે;
પ્રાસાદશૃંગે જહિં હેમકુંભ-
પ્રભા દીસે વિદ્યુલતા શી ચંગ. ૬૬

ચૈત્યાલયોના અતિ ઉચ્ચ ભાગે,
કૃત્રિમ જ્યાં કેસરીથી ડરીને;
મૃગાંક જાણે મૃગને લઇને,
ભમી રહ્યા રાતદી' વ્યોમમાર્ગે ! ૬૭

**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા**

---

**ઉત્પ્રેક્ષા.** સ્પષ્ટીકરણ-ચંદ્રમુખીની મુખશ્રીની ચોરી એ ચંદ્રનો ગુન્હો, એ ચંદ્ર રાજભુવનમાં પ્રતિબિંબ બ્હાને કેદ પકડાયો છે; તે રાજભુવન પ્હેરેગીરોવડે સુરક્ષિત છે એટલે છૂટવાની બારી નહિ હોવાથી બિચારો ચંદ્ર કેદી હોઇ ચંદ્રકાંતના દ્રવને બ્હાને રડી રહ્યો છે !

**૬૪.** જેમાં તારાઓના પ્રતિબિંબ પડે છે એવી મણિજડિત ફરસબંધી, રાત્રિસમયે, જે નગરની નાના પ્રકારની સમૃદ્ધિ નિહાળવાને કુતૂહલથી જાણે આંખો ફાડી રહી હોયની ! **ઉત્પ્રેક્ષા.**

**૬૫.** દેવોની આ નગર પર પડતી અનિમેષ દૃષ્ટિ દોષ ઉત્પન્ન ન કરો ! દેવોની નજર ન લાગો ! એમ જાણે ચિંતવીને રાત્રિ, સ્વર્ગભૂમિને જીતનારા જે નગરના શિર પર આરતીપાત્ર સમું ચંદ્રબિંબ ઉતારે છે ! **ઉત્પ્રેક્ષા.**

**૬૬.** બળી રહેલા અગુરુના ધૂમાડાવડે આકાશ ઘન-અંધકારથી વ્યાપ્ત થઇ જતાં, જે નગરના પ્રાસાદશિખરો પરના સુવર્ણ કુંભોની પ્રભા-કાંતિ વિદ્યુત્લતા જેવી ચમકે છે ! ઘન અંધકાર-**શ્લેષ:** (૧) ગાઢ અંધકાર, (૨) મેઘનો અંધકાર. **ઉપમાલંકાર.**

**૬૭.** જ્યાં ચૈત્યાલયોના સર્વોચ્ચ ભાગમાં કૃત્રિમ સિંહોથી જાણે ભયભીત થઇ, મૃગાંક-ચંદ્રમા એક મૃગ લઇને, રાતદિવસ અંતરિક્ષમાં ભ્રમણ કરી રહ્યો છે ! **ઉત્પ્રેક્ષાલંકાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




( શ્રી મુક્તિકમળ જૈન મોહનમાળા પુષ્પ ૪૭મું )

**(૧) શ્રી ત્રૈલોકયદીપિકા યાને બૃહત્ સંગ્રણીહ સૂત્રમ્** (શ્રીમદ્ ચંદ્રસૂરિપુંગવપ્રણીત) અનુવાદ સહિત. અનુવાદકઃ-મુનિરાજશ્રી **યશોવિજયજી મહારાજ.**

જૈનધર્મનું તત્ત્વજ્ઞાન સંપાદન કરતાં પહેલાં આવશ્યક ક્રિયાના પાઠો પછી જીવવિચાર, નવતત્ત્વ, સંઘયણુ, ક્ષેત્રસમાસ, કર્મગ્રંથ વિગેરે પ્રકરણોના ગ્રંથોમાં પ્રથમ પ્રવેશ કરવો પડે છે. આજકાલ કેટલીક જૈનશાળાઓમાં તેવા પ્રકરણો શિખવવામાં આવે છે કે જેના મૂળ સૂત્રો, અવચૂરિ, ટીકા વિગેરે માગધી અને પ્રાકૃત ભાષામાં હોવાથી અને કેટલાકના ગુજરાતી ભાષાંતરો સંક્ષિપ્તમાં થયેલ હોવાથી તે અલ્પ હોય છે, કે જેથી તેના વિસ્તૃત વિવેચનના અભાવે માત્ર શબ્દજ્ઞાન થવા જેટલું બને છે. વળી પ્રાકૃત–સંસ્કૃતના અભ્યાસી માત્ર ગણ્યાંગાંઠ્યા મુનિમહારાજાઓ હોવાથી તે તે પ્રકરણોની અનેક સંખ્યામાં ટીકાઓ હોવાથી તેનું જ્ઞાન સંપૂર્ણ લઇ શકાતું નથી.

ધાર્મિક શાળાઓમાં અભ્યાસ કરતા ગુજરાતી ભાષાનું જ જ્ઞાન ધરાવનાર બાળકો તેમ જ મુનિમહારાજાઓ આવા પ્રકરણ અને વિષયોનું જ્ઞાન મેળવવા માટે સંસ્કૃત–પ્રાકૃત ભાષાના મૂળ અને તેના વિસ્તારપૂર્વક અર્થ સાથે તેવા ગ્રંથો પ્રગટ થતા નહિ હોવાથી, તેવા અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. આ ખોટ પૂરી પાડવામાં આવા પ્રકરણોનું શુદ્ધ, સરળ અને સાદી ગુજરાતી ભાષામાં વિસ્તારપૂર્વક વિવેચનનું કાર્ય **આ. શ્રી. વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ** અને તેઓશ્રીના શિષ્ય–પ્રશિષ્યોએ ઉપાડી લઇ, તેવા અનેક ગ્રંથો લખી જૈનસમાજ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. તે પૈકીનો આ બૃહત્ સંગ્રહણીનો ગ્રંથ છે કે જેનું શુદ્ધ વિદ્વત્તાપૂર્વક સુંદર ભાષાંતર કરી મૂળ સાથે પ્રકટ કરવામાં આવ્યો છે.

આવા ગહન પ્રકરણનું ભાષાંતર દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગના તેમ જ અનેક પ્રકરણોના સંગીન શાસ્ત્રાભ્યાસ વગર થઇ શકે નહિ તેટલું જ નહિ પણ સરળ, સાદું અને અભ્યાસીઓ સહેલાઇથી સંગીન શિક્ષણ મેળવી શકે તેવી રીતે વિવેચન ગુજરાતી ભાષામાં કરવું તે કાર્ય સહેલું નથી, ફક્ત સંગીન અભ્યાસીઓ કે વિદ્વાનો માટે સરલ છે.

આ ગ્રંથનું વિવેચન **મુનિરાજ શ્રી યશોવિજયજી** મહારાજે કરેલું છે કે જેઓશ્રી આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આ. શ્રી. વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પંન્યાસશ્રી ધર્મવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન છે. તેઓએ માત્ર સુમારે વીશ–પચ્ચીસ વર્ષ જેટલી લઘુ વયમાં ભાષાઓનું અને દ્રવ્યાનુયોગ તેમ જ પ્રકરણોનું કેવું અને કેટલું સંગીન જ્ઞાન મેળવેલું છે તે આ ગ્રંથ મનનપૂર્વક વાંચનાર અને શિક્ષણ લેનાર સમજી શકે તેમ છે. શ્રીમાન્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ વિદ્વાન છે અને તેઓશ્રીનો ઉત્તરોત્તર શિષ્યસમુદાય પણ વિદ્વાન અને સતત અભ્યાસી છે.

આવી રીતે ઉત્તરોત્તર શિષ્ય–પ્રશિષ્ય કે તેના શિષ્યવર્ગમાં સંગીન ધાર્મિક જ્ઞાન ઉપાર્જન કરાવવું અને તૈયાર થયા પછી મળેલ જ્ઞાનરસને પુસ્તકો દ્વારા જૈન સમાજને પીરસવું–પાવું તે જૈન સમાજ માટે અત્યંત ઉપકારક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથમાં મૂળ ગાથા–છાયા–ગાથાર્થ–શબ્દાર્થ વિસ્તારાર્થ અને અનેક સ્થળે અભ્યાસીઓને સરળ પડે તેટલા માટે વિષયને લગતાં અનેક વિવિધરંગી ચિત્રો તથા સંખ્યાબંધ યંત્રો તેમજ અનેક સંખ્યામાં ટિપ્પણીઓ, આકૃતિઓ અને છેવટે ભાવાર્થ સહિત મૂળ ગાથાઓ તેમજ સાદી ગુજરાતી ભાષામાં વિસ્તારપૂર્વક ઉપોદ્‌ઘાત આપવામાં આવેલ છે.

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન કે પ્રકરણો આદિનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મૂળ ગ્રંથોના અનુવાદો આવી રીતે સુંદર શૈલીમાં રચવા માટે અનુવાદક મુનિરાજશ્રીનો જૈન સમાજ ઉપર ઉપકારક પ્રયત્ન છે. અભ્યાસ કરવાના ગ્રંથોને પ્રસિદ્ધ કરવાની આ ઉત્તમ શૈલી છે, અને તેવી જ રીતે બીજા અભ્યાસના ગ્રંથો પણ રચાવા જોઇએ.

હવે આપણે આ ગ્રંથમાં શું છે? તે ઉપર આવીએ. આ ગ્રંથમાં મૂળ ગાથાઓ ૩૪૯, રંગબેરંગી ચિત્રો ૭૦ અને યંત્રો ૧૦૩ આપવામાં આવેલ છે. તેમજ વિવિધ રંગના ફોટાઓ મૂકીને ગુરુભક્તિ પણ સાથે દર્શાવી છે.

આ ગ્રંથનો ઉપોદ્‌ઘાત ગ્રંથમાં અજવાળું પાડવાને માટે એક દીપક સમાન છે, જે ખાસ વાંચવાયોગ્ય અને મનનીય છે. તે ઉપોદ્‌ઘાત વિદ્વત્તાપૂર્ણ સુંદર ગુજરાતી ભાષામાં લખાયેલ છે કે જેથી અનુવાદક મહારાજશ્રી એક સારા લેખક પણ કહી શકાય. સાથે વિષયાનુક્રમ અને ટિપ્પણીઓ પણ આપીને આ ગ્રંથને એક નમૂનારૂપ બનાવ્યો છે.

આ ગ્રંથનો વિષય મુખ્યત્વે કરીને દ્રવ્યાનુયોગ તેમજ ગણિતાનુયોગ છે અને તેમાં આવેલા વિષયો ખાસ કરી જૈન ખગોળ પણ કહી શકાય. તેમાં ઉદ્દેશરૂપ ૩૬ દ્વારો આપવામાં આવેલા છે.

આ ગ્રંથની વસ્તુ જેમ સુંદર અને ઉત્તમ છે તેમ તેના પ્રકાશનનું કાર્ય એટલે સારા કાગળો, અનેક પ્રકારના ટાઇપો અને તેનું બાઇન્ડીંગ પણ તેવું જ સુંદર બનાવી ગૃહો, જ્ઞાનભંડારો અને પુસ્તકાલયોના શૃંગારરૂપ આ ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો છે. આની સમાલોચના ખરેખરી રીતે તો મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ જેવા વિદ્વાન મુનિવરો કે પંડિતો જ કરી શકે, તેવો આ ગ્રંથનો વિષય છે. અમે તો માત્ર અલ્પમતિથી પણ કંઇક સમાલોચના માટે લખ્યું છે.

વિદ્વાન મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજના હાથે લખાયેલ આ ગ્રંથની જે શૈલી છે તે જ પ્રમાણે આવા અભ્યાસના સુંદર ગ્રંથો તેઓ લખી જૈન સમાજ ઉપર વિશેષ ઉપકાર કરે તેવું અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

કિંમત. રૂા. ૬–૦–૦. મળવાનું ઠે૦ (૧) શાહ લાલચંદ નંદલાલ વકીલ–કોઠી-પોળ–વડોદરા (૨) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિર—પાલીતાણા.

---

**(૨) નફાકારક હુન્નરો ભા. ૧ તથા ૨ જો**

શ્રી લક્ષ્મી પુસ્તકમાળા પુસ્તક ૧ લા તથા ૨ જા તરીકે આ ગ્રંથ અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલ છે.

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ હુન્નર–ઉદ્યોગ જે દેશમાં નથી એ દેશના લોકો સ્વાભાવિક રીતે બેકાર બને છે. આજે હિંદુસ્તાનની પ્રજાની મોટે ભાગે આ સ્થિતિ છે. યુરોપ, અમેરિકા અને જાપાન દેશ જે ધનાઢ્ય બન્યા છે તેનું મુખ્ય કારણ હુન્નર–ઉદ્યોગો છે. આ દેશમાં પ્રાચીન કાળમાં તેવા ગૃહઉદ્યોગો ઘણાં હતાં અને ઘણા લાંબા કાળ પછી પરાવલંબી હિંદના લોકોને માટે અત્યારે ગૃહઉદ્યોગોની જરૂરીયાત ઊભી થઇ છે તેવા સમયમાં નફાકારક નાના નાના ઉદ્યોગ–હુન્નરોના આ બે પુસ્તકો આવકારદાયક થઇ પડશે. ગૃહઉદ્યોગ અને યંત્રોનો મેળ સાધી અનેક વસ્તુ બનાવવામાં આવે તો સસ્તી મજૂરીને લઇને આ દેશમાંથી બેકારી દૂર થાય એટલું જ નહિ પણ આ દેશ એક કાળે ધનાઢ્ય બને. આ બંને ભાગમાં ઉદ્યોગ–હુન્નરો બહુ સહેલાઇથી થઇ શકે તેવા બહુ સરલ રીતે સાદી ભાષામાં સમજપૂર્વક આપેલાં છે. તેમજ આ પુસ્તકોમાં છપાયેલા લેખો તથા પ્રયોગોના લેખકોનાં મુબારક નામો આપી તેઓની પણ આ ગ્રંથમાં કદર કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બંને ભાગમાં વણાટકામ, અનેક પ્રકારની દેશી અને અંગ્રેજી દવાઓ, સુગંધી તેલો અને અત્તરો, સાબુઓ અને વેપારની લગતી તોલમાપ અને બીજી અનેક ચીજો બહુ જ સહેલાઇથી થઈ શકે અને તેમાંથી તે તે વસ્તુઓ બનાવનાર નફો મેળવી શકે તેવી રીતે સમજપૂર્વક દરેક વસ્તુ બનાવવાની રીતો બતાવી છે. અમે માનીએ છીએ કે આવા સમયે આવા ઉદ્યોગ–હુન્નરોનાં પુસ્તકો બેકારી દૂર કરવા માટે અને આ દેશને કેટલીક આર્થિક સ્થિતિ સુધરવા માટે બહુ જ ઉપયોગી છે. તેના સંપાદક તથા પ્રકાશક ભાઈ મૂળજી કાનજી ચાવડા સીનુગરાએ ( અંજાર–કચ્છ ) બહુ જ શ્રમ લઇને આ ગ્રંથો તૈયાર કર્યા છે જેથી તે ધન્યવાદને પાત્ર છે. હજી આ ગ્રંથનો ત્રીજો ભાગ પ્રગટ થવાનો છે એમ તેઓ પ્રસ્તાવનામાં જણાવે છે જેથી આ ગ્રંથો દરેક ગૃહો, તેમ જ લાઇબ્રેરીઓમાં રાખવા યોગ્ય છે અને ઉત્તેજનને પાત્ર છે. કિંમત દરેક ભાગના બબે રૂપીયા. મળવાનું ઠેકાણું પ્રકાશકને ત્યાં.

## (૩) શ્રી નૂતન જિન સ્તવનમાલાદિ સંગ્રહ

શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથમાળા રત્ન ૯ મું.
રચયિતા મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ

ભક્તિ અને વૈરાગ્ય રસના પોષક ચોવીશ જિનેશ્વરોની સ્તુતિ અને સ્તવન જુદા જુદા રાગરાગણીમાં આ બૂકમાં આપવામાં આવેલા છે, જે કંઠાગ્ર કરવા જેવા સરળ છે. આ તેની બીજી આવૃતિ છે. આ પુસ્તક વગરમૂલ્યે ભેટ આપવામાં આવે છે.

મળવાના ઠેકાણું–(૧) ધીયા લાલભાઇ ફુલચંદ શેરદલાલ. ઠે. પાંજરાપોળ. શ્રી મૂલેવા પાર્શ્વનાથની ખડકી, અમદાવાદ. (૨) શ્રી નેમિ જૈન બાળસંગીત મંડળ, ઠે. બાબુભાઇ અંબાલાલ બાપુલાલ ખારવાડો–ખંભાત.

## (૪) કુબેરદત્તા

પ્રભાવના પુસ્તિકા શ્રેણી–પહેલી પુસ્તિકા

લે. ચીમનલાલ નાથાલાલ શાહ (શ્રીકાંત) પ્રકાશક-પૂ. આ. શ્રી. વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા, ગોપીપુરા-સુરત. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે અને પ્રાતઃસ્મરણીય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આ કથા અનુક્રમે સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં રચેલી છે. આ કથા કથાનુયોગના વિષયમાં પરમોપાસ્ય શ્રી જંબૂસ્વામીજીની જીવનકથામાં પ્રભવ ચોરને પ્રતિબોધ પમાડવાના પ્રસંગમાં આવે છે. આ કથા ઘણી રસિક અને બોધપ્રદ છે.

પ્રચાર કરવાના હેતુથી અને પ્રભાવના માટે સસ્તું થઇ પડે તે માટે તેની રાખેલી માત્ર એક આનો કિંમત યોગ્ય છે. લેખક શ્રી ચીમનલાલ નાથાલાલ શાહે આ કથા સાદી અને સરળ ભાષામાં લખેલી છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.


## (૫) સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ. ભાગ બીજો.

પ્રકાશકઃ—શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ. મંત્રી, નરોતમદાસ ભગવાનદાસ શાહ. ગોપાળ ભુવન પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. કિંમત પાંચ આના, કપડાના પુંઠાવાળી છ આના.

પૂજ્યપાદ પંન્યાસજી મહારાજ શ્રી પ્રીતિવિજયજી મહારાજની પ્રેરણાથી સ્થાપયેલ શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ તરફથી પહેલો ભાગ પ્રથમ બહાર પાડેલ છે, જેમાં જુદા જુદા એકસો સાડત્રીસ લેખો આપવામાં આવેલા છે. તે ઉપરાંત શ્રી કર્પૂરવિજયજી મહારાજનું જીવનચરિત્ર તથા ફોટો પણ આપવામાં આવેલ છે. આ ગ્રંથમાં આપેલ લેખો ઉપદેશક હોવાથી ખૂબ મનનપૂર્વક વાંચવા લાયક છે અને તેમાં જુદા જુદા ઉપદેશક કાવ્યો આપી ગ્રંથની ઉપયોગિતામાં ખૂબ વધારો કરવામાં આવેલ છે આવું સુંદર પુસ્તક, સરસ કાગળ, પાકું બાઇન્ડીંગ તથા આશરે સાડાત્રણસો પૃષ્ઠ હોવા છતાં કિંમત પ્રચારની દષ્ટિએ મુદ્દલ કરતા અડધી રાખવામાં આવેલ છે જેથી દરેક બંધુઓએ આ ગ્રંથ ખાસ વસાવવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## લુધીઆનામાં દીક્ષા મહોત્સવ

પંજાબમાં જયારથી પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી પોતાના શિષ્ય-પ્રશિષ્યો પંન્યાસ સમુદ્રવિજયજી ગણિ, મુનિશ્રી શિવવિજયજી, વિશુદ્ધવિજયજી, વીરવિજયજી, સત્યવિજયજી આદિ સપરિવાર પધાર્યા ત્યારથી જ જાગૃતિ, ઉત્સાહ ને આનંદની લહેરો ઉછળી રહી છે.

આચાર્યશ્રીજીના સદુપદેશથી શાસનોન્નતિના અનેક કાર્યો થયા છે અને થશે.

લુધીઆનાના શ્રી સંઘના સદ્ભાગ્યે આચાર્યજીના પધારવાથી નીચે પ્રમાણેનો અપૂર્વ દીક્ષા મહોત્સવ જોવાને શ્રી સંઘને શુભ અવસર પ્રાપ્ત થયો. યોગીરાજ શ્રી કૃષ્ણાનંદજી સ્વામી કે જેઓ વિદ્વાન છે અને દેશ-દેશાન્તર પરિભ્રમણ કરી મત-મતાંતરોની છાણવીણથી ઘણો અનુભવ મેળવ્યો છે.

યતિશ્રી ભારતવિજયજીની પ્રેરણાથી એઓ અંબાલા શહેરમાં આચાર્યશ્રીજીના દર્શન કરી, પોતાને કૃતાર્થ થયા માની આચાર્યશ્રીજીના ચરણોમાં જૈનેશ્વરી દીક્ષા લેવાની પ્રાર્થના કરી પણ આચાર્યજીએ પોતાની પદ્ધતિ પ્રમાણે એકદમ દીક્ષા આપવાનો સ્વીકાર ન કર્યો. દીક્ષા લેવાની ઉત્કટ ભાવનાવાળા આચાર્યશ્રીના ચરણોમાં રહી આત્મ-કલ્યાણ સાધવાના મનોરથ સેવવાવાળા યોગીરાજે પણ આચાર્યશ્રીજીનો પીછો ન છોડયો. વારંવાર આવી દીક્ષા આપવાની પ્રાર્થના કરવા લાગ્યા અને છેલ્લા બે ત્રણ માસથી લાગટ આચાર્યશ્રીજીની સેવામાં રહી અભ્યાસ તેમજ પોતાના મનોરથ જલ્દી સફળ થાય તેવાં પ્રયત્નો કરવા લાગ્યા. અંતે શ્રી લુધીઆનાના સંઘની આગ્રહભરી વિનંતિને માન આપી યોગીરાજ શ્રી કૃષ્ણાનંદજીને તથા એમના શિષ્ય શ્યામાનંદજીને લુધીઆનામાં જ મહા શુદ ૨ બીજના દિવસે દીક્ષા આપવાનો આચાર્યશ્રીજીએ નિર્ણય કર્યો. આથી શ્રી સંઘમાં અપૂર્વ ઉત્સાહ ફેલાઇ ગયો અને દીક્ષા મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી.

દીક્ષા મહોત્સવની આમંત્રણ પત્રિકાઓ છપાવી બહારના શ્રી સંઘોને મોકલાવવામાં આવી.

નિયત સમયથી બે દિવસ અગાઉ બહારથી માનવમેદની એકદમ વધવા લાગી.

પોષ વદિ એકમથી જ વાયણા શરૂ થઇ ગયા હતા અને ધવલમંગલ થવા લાગ્યા. એઓના ધર્મ-માતાપિતા બનવાનું સૌભાગ્ય લાલા શીણુરામ સાદી-રામજીના પુત્ર લાલા કીશોરીલાલજી અને એમના ધર્મપત્નીએ પ્રાપ્ત કર્યું.

અમાવાસ્યાના દિવસે જ ગરામાવાળા લાલા હુકમીચંદજી તરફથી આનંદપૂર્વક પૂજા ભણાવવામાં આવી. માહ સુદ ૧ના દિવસે ઘણા જ સમારોહથી વર-ઘોડો ચઢાવવામાં આવ્યો. વરઘોડામાં મહેન્દ્રધ્વજ વિ. રિયાસતો હતી. માલેરકોટલાનો હાથી અને સિંહ-વાળો રથ તેમ જ ફીરોજપુરનો ઘોડાઓવાળો રથ મનુષ્યોના મનને આકર્ષિત કરી રહ્યા હતા લુધીઆના, હુશીઆરપુર, નારોવાલ આદિની ભજન મંડળીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના મનોહર ભજનોથી સર્વને આનંદ આપી રહી હતી.

એ શણગારેલી મોટરોમાં બેઠેલા બન્ને મુમુક્ષુઓને જોઇ માનવ સમુદાય હર્ષિત થયો.

પુરાણા કિલ્લાની પાસે ખુલ્લા મેદાનમાં ખાસ મંડપ તૈયાર કરાવવામાં આવેલ મહા શુદ ૨ તા. ૧૦–૨–૪૦ શનિવારે દીક્ષાનો દિવસ હોવાથી ચારો તરફ આનંદ આનંદ છવાઇ રહ્યો. સમયસર આચાર્યશ્રીજી તથા પંન્યાસજી આદિ મુનિ મંડળ તથા સાધ્વી દેવશ્રીજી આદિ મંડપમાં પધાર્યાં. આમ બંને મુમુક્ષુઓ પોતાના ધર્મપિતા લાલા કીશોરીલાલજીના ત્યાંથી વાજતેગાજતે દાન આપતાં મંડપમાં આવી પહોંચ્યા.

દીક્ષાનો સમય થતાં આચાર્યશ્રીજીએ બુલંદ અવાજે શાસ્ત્રાનુસાર વિધિવિધાન કરાવ્યાં અને વિજયમુહૂર્તમાં દીક્ષા આપી યોગીરાજ શ્રી કૃષ્ણાનંદજીનું નામ મુનિશ્રી **વિશ્વવિજયજી** સ્થાપન કરી પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા. સ્વામી શ્યામાનંદજીનું નામ મુનિ શ્રી **વૃદ્ધિવિજયજી** રાખી શ્રી વિશ્વવિજયજીના શિષ્ય તરિકે પ્રસિદ્ધ કર્યા કેમ કે પહેલા તેઓ એમના જ શિષ્ય હતા.

મુનિશ્રી વિશ્વવિજયજીએ સમયોચિત મનોહર ભાષણથી ઉપસ્થિત જનતાને મનોરંજિત કરી હતી.

આચાર્યશ્રીજીએ એકમના દિવસે મંડપમાં "દીક્ષા" એ વિષય ઉપર અસરકારક દેશના આપી હતી અને આ પ્રસંગે પણ જ્ઞાતાસૂત્રમાં ફરમાવેલ પંચમહાવ્રત ઉપર સુંદર કથા સાથે હૃદયસ્પર્શી દેશના આપી હતી.

પંન્યાસ શ્રી સમુદ્રવિજયજીએ સમયોચિત ભાષણ આપી આજની યાદગારી તરીકે શ્રી આત્માનંદ જૈન સ્કુલને માટે બીલ્ડીંગની જરૂરીયાત લુધીઆના શ્રી સંઘને જણાવી હતી. અને પરિણામે

૫૦૧) એક રૂમ માટે લાલા દેસરાજજી જોદ્ધાવાળા
૫૦૧) એક રૂમ માટે લાલા લછમણદાજી જોદ્ધાવાળા.
૧૦૧) લાલા ધનપતરાયજી ચરણદાસજી

તેમજ બીજાઓએ પણ પોતાની મદદ જાહેર કરી ને આગળ કામ ચાલુ છે. શ્રી ગુરૂદેવની કૃપાથી બીલ્ડીંગ તૈયાર થશે.

હુશીયારપુરનિવાસી લાલા અમરનાથજીએ છટાદાર ભાષામાં પોતાની ભાવના પ્રગટ કરી હતી.

લગભગ દોઢ વાગે સર્વ કામ નિર્વિઘ્ને સમાપ્ત થતા શ્રી ચતુર્વિધ સંઘની સાથે વાજતેગાજતે બન્ને દેરાસરોના દર્શન કરી આચાર્યશ્રી નવા મુનિરાજો સાથે ઉપાશ્રયે પધાર્યાં હતા.

આજે લાલા ધનપતરાય વિલાયતીરામજીના તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું હતું.

આ શુભ કાર્યમાં સ્થાનકવાસી બંધુઓ તથા અજૈન બંધુઓ ઘણી જ સારી સંખ્યામાં સમ્મિલિત થયા હતા. અત્રેથી આચાર્યશ્રીજી હુશીયારપુર તરફ વિહાર કરશે.

---

## શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજીના શિષ્ય નૂતન મુનિશ્રી વિશ્વવિજયજી મહારાજે દીક્ષાસમયે આપેલ ભાષણનો

## સારાંશ.

**પ્રેમી સજ્જનો,**

આપના હૃદયમાં શંકા થતી હશે કે આ નવયુવાન, વિદ્વાન, વિચારશીલ, સુધારક વિચારનો હોવા છતાં સાંસારિક સુખોનો ત્યાગ કરીને શા માટે સાધુ બન્યો છે અને આટલો પ્રસન્નચિત્ત કેમ દેખાય છે? આનું કારણ એ જ છે કે જેમને તમો સુખ માની બેઠા છો, વાસ્તવમાં તે સુખો નથી અને તે પણ ક્ષણભંગુર જ છે. આ જીવન પણ ક્ષણભંગુર છે, નાશવાન છે જેવી રીતે કમળના પાંદડા ઉપર પડેલ જલબિંદુ

**યતઃ--નલિનીદલગતજલમતિતરલં તદ્વત્ જીવિતમતિશયચપલં ॥**

આ સંસાર રોગરૂપી સર્પોથી ગ્રસ્ત થએલ છે. આમાં દુઃખ જ દુઃખ છે. આ બધું જાણવા છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્ય આમાં ફસાઇ રહેલ છે એ જ ખેદનો વિષય છે.

આ પ્રસંગે મારો વિચાર નથી કે હું લાંબો વખત ભાષણ આપું. મારે તો ફક્ત એ જ બતાવી આપવું છે કે જે સુખોને તમો સુખ માની બેઠા છો તે સુખોને છોડી મેં દીક્ષા શા માટે લીધી છે. મેં સાચા સુખની પ્રાપ્તિ માટે દીક્ષા લીધી છે. સુખ અનંત, અનાશવાન છે એનો હજુ મને પૂરો અનુભવ નથી, માટે આ વિષયમાં મારા પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવાન ઘણો જ સારો પ્રકાશ પાડશે.

જો તમો પણ અખંડ સુખની પ્રાપ્તિ ચાહતા હો તો આ નાશવાન સુખોને છોડી ત્યાગધર્મના-દીક્ષાનો સ્વીકાર કરો. ફરી પણ કહું છું કેઃ—

**यौवनं जीवतं चित्तं छाया लक्ष्मी च स्वामिता चंचलानि षडेतानि ज्ञात्वा धर्मरतो भवेत् ॥**

**है जवाल आमदा अ जश्ना फरी न सके**
**तमाम महर गर्द हैं चिरागे रहे गुजारे बादियाँ ।**

યૌવન, જીવિતવ્ય, ચિત્ત, છાયા, લક્ષ્મી અને સ્વામીપણું ચંચલ છે.

**पानी केरा बुदबुदा असमानुषकी जात,**
**देखत ही छुप जायगा ज्यों तारा प्रभात ।**
**कबीरा पानी होजका देस गया बिलाय,**
**ऐसे जियरा जायगा दिन दश ढीली लाय ॥**

પાણીના પરપોટા જેવું આ જીવન છે. આ શરીરનું એક દિવસ નામનિશાન નહી રહે. જ્યારે આત્મા આ શરીરને છોડીને પરલોકમાં ચાલ્યો જશે ત્યારે તમારી પ્રાણેશ્વરી તમારા શરીરને જોઇને ડરશે, આંગળીમાં એક ચાંદીની વીંટી હશે તો તે પણ કાઢી લેશે માટે સાવધાન થાઓ, હુશીઆર રહો, પરલોક માટે બંધ કરો જેથી આગામી ભવમાં દુઃખ પ્રાપ્ત ન થાય અને સુખની પ્રાપ્તિ થાય એટલા જ માટે જ મેં આ રસ્તો લીધો છે-દીક્ષા લીધી છે જેથી કર્મોની નિર્જરા થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય.

હું ઘણા પ્રદેશોમાં ફર્યો, તીર્થયાત્રાઓ કરી અને કઇક સાધુ મુનિયોના દર્શન કર્યા, સત્સંગ કર્યો ક્યાંય પણ શાન્તિ મને ન મળી.

જ્યારે હું નિરાશ થઇ પાછો બનારસ ગયો તો સદ્ભાગ્યે યતિવર્ય શ્રી ભારતવિજયજીનો મેળાપ થયો. એઓની સાથે વાર્તાલાપ થયો ત્યારે યતિવર્ય-શ્રીએ કહ્યું કે તમો નિરાશ શામાટે થાઓ છો? તમો આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના દર્શન કર્યા છે? મેં કહ્યું ના. ત્યારે એમણે કહ્યું જાઓ એઓ અંબાલામાં બિરાજમાન છે. એક વખત એમના જરૂર દર્શન કરો. મને વિશ્વાસ છે કે દર્શન માત્રથી જ તમને શાંતિ મળશે. યતિવર્યશ્રી ભારત વિજયજીના કથનાનુસાર હું તે જ વખતે સાંજના ગાડીમાં રવાના થઇ અંબાલે પહોંચ્યો ત્યાં ગુરૂદેવ શ્રી આચાર્ય ભગવાનના દર્શન કરી મને એવી જ શાંતિ થઇ કે જેવી યતિવર્ય શ્રી ભારતવિજયજી મહારાજે કહ્યું હતું. મેં ગુરૂદેવના દર્શન કર્યા ત્યારથી જ હું શ્રી ગુરૂદેવને વિનવી રહ્યો હતો કે હે ગુરૂદેવ, આપ મને આપના શરણમાં લો, મારો ઉદ્ધાર કરો. યાવત્ જિંદગી તક આપ આપના ચરણસેવાનો મને લાભ આપો, પરન્તુ ગુરૂદેવ તો એ જ ફરમાવ્યા કરતા કે **યોગ્યતા પ્રાપ્ત કરો.** મેં પણ ત્યારથી જ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી ગુરુદેવ મને દીક્ષા ન આપે ત્યાંસુધી દૂધ અને લીલોતરીનો ઉપયોગ ન કરવો. અંતમાં **પૂજ્યપંન્યાસજીમહારાજશ્રી સમુદ્રવિજયજીની** અસીમ કૃપાથી અને લાલા બખતાવરસીંગજી તથા ધર્માત્મા લાલા ચુનીલાલજી આદિની પ્રેરણાથી લગભગ દોઢ બે વર્ષ પછી આ શુભ અવસર પ્રાપ્ત થયો છે તે આપ સૌકોઇ નજરે નિહાળી રહ્યા છો.

વાસ્તવમાં યતિવર્ય શ્રીભારતવિજયજીએ વાવેલ બીજનું પંન્યાસજીશ્રી સમુદ્રવિજયજી મહારાજે સુંદર વૃક્ષ બનાવી દીધું છે.

મહાનુભાવો, વિશેષ આપનો સમય ન લેતાં અંતમાં એટલું જ કહી વિરમીશ કે યાવત જિંદગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ગુરૂદેવની સેવામાં રહી, અખંડ ચારિત્ર પાળી આત્માનું કલ્યાણ કરું એવા આપ બધા મને ખરા અન્તઃકરણથી શુભ આશીર્વાદ આપશો.

## દુધરેજમાં પ્રતિષ્ઠા મહોત્સવ.

વઢવાણ કેમ્પની નજીક આવેલા દુધરેજ ગામમાં શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્યરત્ન મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ તથા મુનિ વિશાલવિજયજીના ઉપદેશથી પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

પો. શુ. ૧૦ શનિવારના દિવસે વઢવાણ કેમ્પ અને શહેરથી આરસની પ્રતિમાજીને લાવી, મંડપમાં પ્રભુજીને પધરાવ્યા હતા. સાંજે નવકારશી થઇ હતી. રવિવારે કુંભસ્થાપના તથા નવ ગ્રહાદિ પૂજન તથા પ્રભુને દેરાસરમાં લાવવામાં આવ્યા હતા. બુધવારે બપોરે જલયાત્રાનો વરઘોડો ચડ્યો હતો. ગુરૂવારે સવારે ૧૧ા વાગે ચરમ તીર્થનાયક શ્રી વર્ધમાનસ્વામીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી ને શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. ગુરુવારે સવારની નવકારશી થઇ હતી. સંઘના આગ્રહથી મુનિરાજો તથા સાધ્વીજીઓનાં મળીને ૧૯ ઠાણાની પવિત્ર પ્રતિષ્ઠાને દિવસે હાજરી હતી. એકંદરે શાસનની પ્રભાવના સારી થઇ હતી.

## જાહેર વિજ્ઞપ્તિ

સંવત ૧૯૯૦ માં અમદાવાદમાં અખિલ ભારતવર્ષિય જૈ. શ્વે. મૂ, મુનિસંમેલન ભરાયું હતું તે પ્રસંગે અન્યધર્મીઓ તરફથી જૈનધર્મ કે તેના અંગ ઉપર કંઇ પણ આક્ષેપો કરવામાં આવે તેના પ્રતિકાર માટે પાંચ પૂજ્ય મુનિમહારાજાઓની એક સમિતિ નીમીને **શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ**ની સ્થાપના કરવામાં આવી હતી.

સં. ૧૯૯૧ માં સમિતિએ સોંપાયેલું કામ પૂરું પાડવા માટે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' નામનું માસિક પત્ર પ્રગટ કર્યું, જે છેલ્લા પાંચ વર્ષથી આક્ષેપોનો યોગ્ય પ્રતિકાર કરવા ઉપરાંત જૈન સાહિત્ય, કળા, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ વિષયક વાંચન સમાજ સમક્ષ રજૂ કરી રહેલ છે.

આ ઉદ્દેશને પહોંચી વળવું એ એકલા હાથનું કામ નથી. તેને માટે આખા સંઘનો સક્રિય સહકાર મળવો જોઇએ એટલે અમે સમસ્ત જૈન સંઘને વિનંતિ કરીએ છીએ કે અજૈનો, તેરાપંથી, સ્થાનકવાસી કે દિગંબરો તરફથી જૈન ધર્મ સાહિત્ય કે તીર્થ પર આક્ષેપો કરેલા જોવામાં આવે તો તેની માહિતી અમને નીચેના સરનામે લખી મોકલી આભારી કરે.

આશા છે કે દરેક જૈન ભાઇ અમને આટલો સહકાર જરૂર આપશે.

વ્યવસ્થાપક--શ્રી જૈન ધર્મ સત્ય પ્રકાશક સમિતિ
જેશિંગભાઇની વાડી, ઘીકાંટા, **અમદાવાદ**

## રાધનપુરમાં મહોત્સવ

શેઠ વાડીલાલ પુનમચંદના સ્મારક માટે તેમના સુપુત્રો શેઠ રતિલાલ વાડીલાલ તથા શેઠ ધીરજલાલ વાડીલાલ તરફથી બંધાયેલ હિંદુ આરોગ્ય ભુવનની ઉદ્ઘાટન ક્રિયા રાધનપુરના નામદાર નવાબ સાહેબ મુર્તુજાખાનજીના હસ્તે તા. ૨૯--૧-૪૦ના રોજ થઇ હતી. આ પ્રસંગે મુંબઇ, અમદાવાદ, પુના, આદિ જુદા જુદા સ્થળોએથી સંખ્યાબંધ શ્રીમંત ગૃહસ્થો પધાર્યા હતા. શહેરને પણ ધ્વજા પતાકાથી શણગારવામાં આવ્યું હતું. નવાબ સાહેબે આરોગ્ય ભુવન ખુલ્લું મુકાયેલું જાહેર કરી શેઠ રતિલાલભાઇના આ પરોપકારી કાર્ય માટે તેમને અભિનંદન આપી તેવા કાર્યોમાં પ્રતિદિન આગળ વધવા ભલામણ કરી હતી. શેઠ રતિલાલભાઇએ પણ આ કાર્ય એ તો માત્ર પોતાની ફરજ છે એમ જણાવી નીખાલસતાનો તથા નિરભિમાનપણાનો પુરાવો આપ્યો હતો.

તે જ દિવસે પોતાની માતુશ્રી મેનાબાઇના સ્મરણાર્થે યોજવામાં આવેલો પ્રતિષ્ઠા-મહોત્સવનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો. સવારમાં આચાર્યશ્રી વિજયહર્ષસૂરિના નેતૃત્વ નીચે પાદુકાની પ્રતિષ્ઠા કરવામાં આવેલ તથા બપોરના બૃહત્સ્નાત્ર ભણાવવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦।।= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦।। |
| શ્રી નય માર્ગદર્શક | ૦।।= |
| શ્રી હંસવિનોદ | ૦।।। |
| કુમાર વિહારશતક | ૧।। |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦।। |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦।।। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦।।।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨।। |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦।। |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦।। |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦।। |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦।। |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦।। |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧।। |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨।। |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨।। |
| શ્રી આચારોપદેશ | ૦।। |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧।।। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩।। |
| જૈન નરરત્ન "ભામાશાહ" | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦।।= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧।।। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧।।। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨।। |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦।।= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=।। |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| ,, ,, ,, રેશમી પુઠું | ૨।। |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧।। |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| ,, સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦।। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦।।= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.


તૈયાર છે જલદી મંગાવો તૈયાર છે

છપાઈ ગયેલા નવા બે ગ્રંથો

## બૃહત્કલ્પસૂત્ર

ભા.૪થો ને ભા. ૫ મો મૂળ તથા સંસ્કૃત ટીકા સાથે

**કીંમત અનુક્રમે રૂા. ૬ા અને ૫**

---

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

**( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )**

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ ઉપદેશમાળા-શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા

૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

## છપાતાં મૂળ ગ્રંથો.

૧ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ ) ૨ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्पसूत्र भाग ६

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only